અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ ડિસેમ્બર ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૭ | અંક : ૧૫૭ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**બાંગ્લાદેશમાં તાત્કાલિક હિન્દુ વિરોધી હુમલાઓ બંધ કરો**

## અમેરિકન કોંગ્રેસ નેતા રાજા કૃષ્ણમૂર્તિએ અલ્પસંખ્યકોની સુરક્ષા પર ઉઠાવ્યા સવાલ

### તેમણે બાંગ્લાદેશની વચગાળાની સરકારને માનવાધિકારોની રક્ષા કરવા, કાયદાકીય સુરક્ષાની ગેરેન્ટી આપવા અને હિન્દુઓ પર થતા હુમલાઓને બંધ કરાવવા આગ્રહ કર્યો

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ |

બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય અલ્પસંખ્યકો પર હુમલાના પડઘાં હવે હવે સમગ્ર દુનિયામાં પડી રહ્યા છે. અમેરિકન કોંગ્રેસના નેતા રાજા કૃષ્ણમૂર્તિએ ઈસ્કોનના પુજારી ચિન્મય કૃષ્ણ દાસ બ્રહ્મચારીની ધરપકડ બાદ બાંગ્લાદેશમાં ફેલાયેલી અશાંતિ પર ચિંતા વ્યક્ત કરી છે.

તેમણે બાંગ્લાદેશની વચગાળાની સરકારને માનવાધિકારોની રક્ષા કરવા, કાયદાકીય સુરક્ષાની ગેરેન્ટી આપવા અને હિન્દુઓ પર થઈ રહેલા હુમલાઓને બંધ કરાવવાનો આગ્રહ કર્યો.

તેમણે કહ્યું કે, 'બાંગ્લાદેશમાં હિન્દુઓ અને અન્ય લોકો વિરૂદ્ધ થઈ રહેલી હિંસા અસ્વીકાર્ય છે અને તેને તાત્કાલિક રોકી દેવી જોઈએ.' જણાવી દઈએ કે, બાંગ્લાદેશમાં ૨૫ ઓક્ટોબરે ચટગાંવમાં બાંગ્લાદેશના રાષ્ટ્રીય ધ્વજ પર ભગવો ધ્વજ ફરકાવવાના આરોપમાં ચિન્મય કૃષ્ણ દાસ વિરૂદ્ધ કરવામાં આવેલા રાજદ્રોહના કેસ બાદ આ અશાંતિ વધુ ફેલાઈ છે. તેમની ધરપકડ બાદ બાંગ્લાદેશમાં અલગ-અલગ જગ્યાઓ પર ખુબ વિરોધ પ્રદર્શન થયા. પ્રદર્શન એટલા હિંસક થયા કે ચટગાંવ કોર્ટની બહાર ચિન્મય દાસના અનુયાયીઓ અને બાંગ્લાદેશના અધિકારીઓ વચ્ચે ઘર્ષણ થઈ ગયું, જેમાં એક વકીલનું મોત થયું. ઈસ્કોન કોલકાતાના અનુસાર, આદિપુરુષ શ્યામ દાસ અને રંગનાથ દાસ બ્રહ્મચારીની ૨૯ નવેમ્બરે ધરપકડ થઈ હતી, જ્યારે તેઓ કસ્ટડીમાં ચિન્મય કૃષ્ણ દાસને મળવા ગયા હતા. સંગઠનના ઉપાધ્યક્ષ રાધા રમને એ પણ દાવો કર્યો કે અસામાજિક તત્ત્વોએ અશાંતિ દરમિયાન




બાંગ્લાદેશમાં ઈસ્કોન કેન્દ્રમાં તોડફોડ કરી. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'વિદેશ સચિવ ૯ ડિસેમ્બરે બાંગ્લાદેશની મુલાકાત લેશે અને તેઓ તેમના સમકક્ષને મળવાના છે. આ ઉપરાંત મુલાકાત દરમિયાન અન્ય ઘણી બેઠકો પણ થશે. વિદેશ કાર્યાલય પરામર્શ ભારત અને બાંગ્લાદેશ વચ્ચે એક ઐતિહાસિક બંધન છે. અમે આ બેઠકની રાહ જોઈ રહ્યા છીએ.'

ભારતીય વિદેશ મંત્રાલયે બાંગ્લાદેશમાં હિંદુઓ પર થઈ રહેલા હુમલાઓને લઈને મોહમ્મદ યુનુસની વચગાળાની સરકાર સાથે વારંવાર પોતાની ચિંતા શેર કરી છે. બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતાં હુમલા રોકવાની ભારત દ્વારા માંગ કરવાં છતાં યુનુસ સરકાર ત્યાંની સેના, પોલીસ અને પ્રશાસન અત્યાચાર રોકવામાં નિષ્ફળ રહી છે. તેથી, શેખ હસીનાના દેશવટો અને યુનુસ સરકારની રચના બાદ બંને દેશો વચ્ચેના તણાવ વચ્ચે ભારતીય વિદેશ સચિવ પ્રથમ વખત વિદેશ સચિવ સ્તરની બેઠક માટે ઢાકા જવાના છે. બાંગ્લાદેશની સરકારી સમાચાર એજન્સી મ્જીજીના અહેવાલ પ્રમાણે, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે નિર્ધારિત વિદેશ સચિવ સ્તરની મંત્રણા ઢાકામાં ૯ અથવા ૧૦ ડિસેમ્બરે યોજાશે. ભારતીય વિદેશ સચિવ મિસ્ત્રી અને બાંગ્લાદેશના વિદેશ સચિવ મોહમ્મદ જશીમ ઉદ્દીન ઉચ્ચ સ્તરીય વાટાઘાટો દરમિયાન પોતપોતાના પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. આ વાટાઘાટોમાં બાંગ્લાદેશ તરફથી શેખ હસીનાના સંભવિત પ્રત્યાર્પણ અને વિઝા સંબંધિત મુદ્દા અને હિન્દુ સંત ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ અને ભારત તરફથી લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારો સહિત ઘણા દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે.

**ન્યૂઝ બ્રિફ**

### આપણો ધર્મ સુરક્ષિત હશે તો આપણે પણ સુરક્ષિત રહીશું



| વારાણસી, તા.૭ |

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે વારાણસીના સ્વરવેદ મહામંદિર ધામમાં આયોજિત 'વિહંગમ યોગ સંત-સમાજ'ની સ્થાપનાના શતાબ્દી ઉત્સવમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે પોતાના સંબોધનમાં કહ્યું, 'દરેક કામ દેશના નામે હોવું જોઈએ, અમારું કોઈ અંગત અસ્તિત્વ નથી. જો આપણું રાષ્ટ્ર સુરક્ષિત હશે તો આપણો ધર્મ પણ સુરક્ષિત રહેશે, આપણો ધર્મ સુરક્ષિત હશે તો આપણે પણ સુરક્ષિત રહીશું.

### રામ મંદિર ખાતે હેલિકોપ્ટરમાં બેસીને હવે દર્શન કરી શકાશે

| અયોધ્યા, તા.૭ |

ઉત્તરપ્રદેશ સરકારે અયોધ્યામાં રામ મંદિરના હવાઈ દર્શન કરાવવાનો નિર્ણય કર્યો છે. આ માટે રાજ્ય સરકારે હેલિકોપ્ટરથી દર્શન કરાવાની યોજના શરૂ કરવા જઈ રહ્યાં છે. જેમાં દર્શાનાર્થીઓ અમુક પૈસામાં રામ મંદિર ખાતે હેલિકોપ્ટરમાં બેસીને દર્શન કરી શકશે. મળતી માહિતી મુજબ, યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વહેલીતકે આ યોજનાની શરૂઆત કરી શકશે. અયોધ્યામાં રામ મંદિરના હેલિકોપ્ટરથી દર્શન લઈને હાલમાં જે ભાડું નક્કી કરાયું છે તે દર વ્યક્તિએ ૪૧૩૦ રૂપિયા છે.

**મમતાએ કમાન સંભાળવા તૈયારી બતાવી**

## વિપક્ષમાં વિખવાદ : ઈંડિયા અલાયંસ પાર્ટીઓ બદલવા માગે છે નેતૃત્વ

**સપાના રાષ્ટ્રીય પ્રવક્તાએ સલાહ આપી છે કે, "જો મમતા કમાન સંભાળવા માટે તૈયાર છે, તો તેમની વાત પર વિચાર કરવો જોઈએ**

| (એજન્સી) કોલકાતા, તા.૭ |

મહારાષ્ટ્ર-હરિયાણા ચૂંટણી હાર્યા બાદ વિપક્ષમાં મતભેદ ખુલીને સામે આવી રહ્યા છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દાવો કર્યો છે કે જો તેમને ઈન્ડિયા અલાયન્સની કમાન આપવામાં આવે તો સંભાળવા માટે તૈયાર છે. ત્યાર બાદ એક પછી એક નેતાઓના નિવેદનો આવવા લાગ્યા.

કોંગ્રેસે તેનો વિરોધ કરતા કહ્યું કે, "રાહુલ ગાંધી ઉપરાંત બીજા કોઈ વિપક્ષના નેતા ન હોઈ શકે." પણ સપા પ્રમુખ અખિલેશ યાદવ અને રાજદ નેતા તેજસ્વી યાદવની વાત સાંભળીને કોંગ્રેસને જરૂરથી ઝટકો



લાગશે. સપાના રાષ્ટ્રીય પ્રવક્તા ઉદયવીર સિંહે સલાહ આપી છે કે, "જો મમતા કમાન સંભાળવા માટે તૈયાર છે, તો તેમની વાત પર વિચાર કરવો જોઈએ." તેમણે ટીએમસીને ૧૦૦ ટકા સપોર્ટ કરવાની વાત કહી છે. ઉદયવીર સિંહે કહ્યું કે, "જો મમતા બેનર્જીએ ઈચ્છા વ્યક્ત કરી છે, તો તેના પર ઈન્ડિયા અલાયન્સની પાર્ટીઓએ વિચાર કરવો જોઈએ અને તેમને સમર્થન આપવું જોઈએ. તેનાથી સંગઠન મજબૂત થશે. મમતા બેનર્જી બંગાળમાં ભાજપને રોકવામાં સફળ થયા છે. અમને તેમની સાથે સહાનુભૂતિ છે. તેમની સાથે અમારો ભાવનાત્મક સંબંધ પહેલાથી છે." સપા નેતાએ કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું કે, "હરિયાણા હોય કે મહારાષ્ટ્ર, જ્યાં પણ સરકાર બની શકી નથી, ત્યાં કોંગ્રેસ જ સૌથી મોટી પાર્ટી હતી. જો સફળતા નથી મળી તો આ નિષ્ફળતા તેમની છે." તેજસ્વી યાદવની પાર્ટી આરજેડીએ અલગ જ વાત કહી છે. આરજેડીના પ્રવક્તા મૃત્યુંજય તિવારીએ કહ્યું કે, "લાલુ યાદવની પહેલ પર વિપક્ષી ગઠબંધનની પહેલી બેઠક થઈ હતી.

**મમતા બેનરજી તો ભાજપનાં એજન્ટ છે : કોંગ્રેસ**

## ઈન્ડી ગઠબંધનમાં તૂટફૂટ બાદ કોંગ્રેસ પાર્ટી આક્રમક

### કોંગ્રેસ નેતા અને પૂર્વ સાંસદ સંદીપ દીક્ષિતે દિલ્હીની આમ આદમી પાર્ટી-કેજરીવાલ પર જોરદાર પ્રહારો કર્યા

| (એજન્સી) નવી દિલ્હી, તા. ૭ |

કોંગ્રેસ નેતા અને પૂર્વ સાંસદ સંદીપ દીક્ષિતે દિલ્હીની આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલ પર જોરદાર પ્રહારો કર્યા છે. તેમણે તેમની પાર્ટીના સહયોગી તૃણમૂલ કોંગ્રેસ (TMC) ચીફ મમતા બેનર્જી માટે પણ મોટી વાત કહી છે. સંદીપ દીક્ષિતે મમતા બેનર્જીને બીજેપીની એજન્ટ ગણાવી છે. ઈન્ડિયા એલાયન્સના નેતા બનવાની મમતા બેનર્જીની ઈચ્છા પર સંદીપ દીક્ષિતે કહ્યું, વરિષ્ઠ નેતાઓ નક્કી કરશે કે ઈન્ડિયા એલાયન્સના નેતા કોણ હશે. તેણે મમતા બેનર્જી પર કેટલાક ગંભીર આરોપો પણ લગાવ્યા છે. દિલ્હીના પૂર્વ સીએમ



અરવિંદ કેજરીવાલ અંગે સંદીપ દીક્ષિતે કહ્યું કે શહેરને બગાડનાર એક માત્ર અરવિંદ કેજરીવાલ છે. શહેરની ઓળખ એ છે કે તે રહેવા લાયક છે, કામ કરવા લાયક છે, પણ તેણે બધું બગાડી નાખ્યું છે. હવા, રસ્તા, બધું જ ખરાબ છે. દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની ખરાબ સ્થિતિ માટે અરવિંદ કેજરીવાલ અને AAP સરકાર પણ જવાબદાર છે. તેમણે કાયદો અને વ્યવસ્થા સુધારવાની વાત પણ કરી હતી. પોલીસ ભલે કેન્દ્ર સરકારની સાથે હોય, પણ કેજરીવાલના CCTV કેમેરા ગુનેગારને કેમ પકડતા નથી? કોંગ્રેસ હંમેશા દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો ઉઠાવે છે.

**ગૂગલ મેપની મદદ લેવી ભારે પડી**

## ગોવા જતો હતો પરિવાર, ગાઢ જંગલમાં રાત વિતાવવી પડી

| (એજન્સી) ગોવા, તા.૭ |

બિહારથી ગોવા જઈ રહ્યા પરિવાર ગૂગલ મેપના આધારે પ્રવાસ કરી રહ્યા હતા ત્યારે તેઓને કર્નાટકના બેલગાવી જિલ્લાના ભીમગઢ જંગલની અંદર શૉર્ટકટનો માર્ગ મળ્યો. શિરોલી અને હેમ્મડગા વિસ્તારના આ દુર્ગમ રસ્તા પર ગૂગલ મેપ્સે તેઓને લગભગ ૮ કિલોમીટર અંદર લઈ જઈ મુશ્કેલીમાં મૂક્યા. જંગલનો ઘટાટોપ વિસ્તાર અને સુમસામ રસ્તો પરિવાર માટે પડકાર બની ગયા. ગાઢ જંગલમાં મોબાઈલ નેટવર્ક ન હતું, જેથી પરિવાર કોઈ સાથે પણ સંપર્ક કરી શકતા ન હતા. ત્યાર બાદ પોતાની કારમાં જ રાત વિતાવવા મજબૂર પરિવાર જંગલની શાંતિ અને અજ્ઞાત જોખમોથી ઘેરાયેલો રહ્યો. આખી રાત બહાર નીકળવાના પ્રયાસો નિષ્ફળ રહ્યા અને તેઓએ સવારની રાહ જોવી પડી.

સવાર થતાં જ પરિવારે લગભગ ૪ કિલોમીટર પગપાળા ચાલીને મોબાઈલ નેટવર્ક વાળી જગ્યાએ પહોંચ્યો. તેઓએ તરત ઈમરજન્સી હેલ્પ લાઈન ૧૧૨ પર સંપર્ક સાધ્યો. સ્થાનિક પોલીસે ઝડપથી કાર્યવાહી કરતાં પરિવારને સુરક્ષિત જંગલ બહાર કાઢ્યો. આ પ્રથમ ઘટના નથી જ્યારે ગૂગલ મેપ્સની ભૂલે લોકોને મુસીબતમાં નાખ્યા.

**CM-DyCM સહિત અનેક MLAએ લીધા શપથ**

## મહારાષ્ટ્રમાં શનિવારથી નવી વિધાનસભાનું વિશેષ સત્ર શરૂ

| (એજન્સી) મુંબઈ, તા.૭ |

મહારાષ્ટ્રમાં શનિવારથી નવી વિધાનસભાનું વિશેષ સત્ર શરૂ થઈ ગયું છે. પ્રો-ટેમ સ્પીકર કાલિદાસ કોલામ્બકર નવા ચૂંટાયેલા ૨૮૮ ધારાસભ્યોને શપથ લેવડાવી રહ્યા છે.

નવા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, ડેપ્યુટી સીએમ એકનાથ શિંદે અને અજીત પવારે શપથ લીધા છે. વિશેષ સત્ર ત્રણ દિવસ માટે રહેશે જેમાં નવા સ્પીકરની પણ પસંદગી કરવામાં આવશે. નવા સ્પીકરની ચૂંટણી ૯ ડિસેમ્બરે યોજાશે. આ પછી, મહાયુતિ સરકાર માટે ગૃહમાં વિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવશે. વિશ્વાસ મત પસાર થયા બાદ રાજ્યપાલ વિધાનસભાના બંને ગૃહોને સંબોધિત કરશે.

મહારાષ્ટ્રમાં સરકાર બન્યા બાદ પણ ક્યા પક્ષને કયું મંત્રાલય મળશે તે અંગે સ્થિતિ સ્પષ્ટ નથી. કેબિનેટને લઈને ચાલી રહેલી ખેંચતાણ વચ્ચે આજે શનિવારે મહાયુતિની બેઠક યોજાઈ શકે છે



જ્યારે ૧૧-૧૨ ડિસેમ્બરે કેબિનેટ વિસ્તરણની શક્યતા છે. હવે પ્રશ્ન એ છે કે મહાયુતિ, ભાજપ, શિવસેના અને દ્રઝૃના ઘટક પક્ષોને કેટલા વિભાગો આપવામાં આવશે. મહારાષ્ટ્રમાં ઝસ્ની સાથે ૪૩ મંત્રીઓ બનાવવામાં આવી શકે છે. ભાજપ સૌથી મોટો પક્ષ હોવાથી તેની પાસે સૌથી વધુ વિભાગો હોવાની શક્યતા છે. મળતી માહિતી મુજબ, ભાજપને ૨૧-૨૨ મંત્રાલયો મળી શકે છે જ્યારે અન્ય મોટી પાર્ટી એકનાથ શિંદેની શિવસેનાને ૧૧-૧૨ અને અજીત પવારની એનસીપીને ૯-૧૦ વિભાગો મળી શકે છે.

**સીએમ દેવેન્દ્ર ફડણવીસે આપ્યું મોટું નિવેદન**

## રાજ ઠાકરેને સરકારમાં સાથે રાખવામાં રસ દાખવીએ છીએ

| (એજન્સી) મુંબઈ, તા.૭ |

મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ મહાયુતિની નવી સરકાર બનાવવામાં આવી છે. મંત્રીમંડળના વિસ્તાર અને વિભાગોના વહેંચણી પર ચર્ચા ચાલી રહી છે. આ વચ્ચે હવે પ્રશ્ન ઉઠે છે કે મહાયુતિના સહયોગી દળ મનસેના પ્રમુખ રાજ ઠાકરેને શું મળશે? આ પર હવે દેવેન્દ્ર ફડણવીસે મોટું નિવેદન આપ્યું છે. સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું છે કે વિધાનસભા ચૂંટણીમાં રાજ ઠાકરેના વિરુદ્ધ લડીને પણ તેમને સારા મત મળ્યા. તેમના ઘણા ઉમેદવારોને સારા મત મળ્યા છે. તેમના અને અમારા વિચાર ઘણી હદ સુધી મળતા આવે છે. અમે નિશ્ચિત રૂપે તેમને સરકારમાં સાથે રાખવામાં રસ દાખવીએ છીએ. સીએમ દેવેન્દ્ર ફડણવીસના નિવેદનથી સંકેત મળી રહ્યો છે કે મહારાષ્ટ્રના નગર પાલિકા ચૂંટણી ભાજપ-મનસે સાથે મળીને લડી શકે. આ વખતની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિ ગઠબંધનમાં ત્રણ મોટી પાર્ટીઓ હતી. એવામાં રાજ ઠાકરેની પાર્ટીને વધુ સીટો આપી શકાઈ નહીં. આ વાતથી નારાજ થઈને રાજ ઠાકરે અકેલા લડવાનો નિર્ણય લીધો હતો. જોકે, લોકસભા ચૂંટણીમાં રાજ ઠાકરે મહાયુતિનુ પૂર્ણ સમર્થન કર્યુ હતુ.



# વીર જવાનોના પરિવારોના કલ્યાણ માટે ફાળો આપી કૃતજ્ઞતા પ્રગટ કરી







મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સશસ્ત્ર સેના ધ્વજ દિને ફાળો અર્પણ કર્યો.

### બોગસ પેઢી અને બિલિંગ દ્વારા ૪૫ કરોડથી વધુની ચોરી

# સુરતમાં GST ચોરી કરનારા કૌભાંડીઓનો અંતે પર્દાફાશ

## જીએસટી વિભાગની કાર્યવાહીને લઈ જીએસટી ચોરી કરતાં ઇસમો અને વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતમાં GST વિભાગની મોટી કાર્યવાહી સામે આવી છે. વિગતો મુજબ સુરતમાં બોગસ પેઢીનું રજીસ્ટ્રેશન કરાવીને ચોરી કરતાં આરોપીને ઝડપી પાડ્યો છે. આ સાથે સુરતમાં સ્ક્રેપના ધંધામાં પણ કરોડના બોગસ બિલિંગ કરી GSTની ચોરી કરનારો ઝડપાયો છે. આ બંને કેસમાં બોગસ પેઢી અને બિલિંગ દ્વારા ૪૫ કરોડથી વધુની ચોરી કરાઈ હોવાનું ખૂલ્યું છે. GST વિભાગની કાર્યવાહીને લઈ GST ચોરી કરતાં ઈસમો અને વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ડાયમંડ સિટી સુરતમાં બોગસ પેઢીનું રજીસ્ટ્રેશન કરાવીને GST ચોરી કરતો આરોપી પકડાયો છે. વિગતો મુજબ શાહ એન્ટરપ્રાઈઝ અને કેતન એન્ટરપ્રાઈઝ નામની ૨ પેઢીનું કૌભાંડ ઝડપાયું છે. જેમાં ભાવનગરના જતીન બારૈયા નામનો શખ્સ વોન્ટેડ હતો જેની ભાવનગર પોલીસે ધરપકડ કરીને સુરત ઈકો સેલને સોંપ્યો છે. આ તરફ તપાસ દરમિયાન આરોપી જતીન ખોટી પેઢી રજીસ્ટર કરાવતો હોવાનું ખૂલ્યું છે.

આ સાથે પેઢીના GST લોગ ઈન ID અને પાસવર્ડ મેળવી બીજા વ્યક્તિને કમિશન આપતો હતો. આ કેસમાં ૯.૯૫ કરોડથી વધુનું કૌભાંડ આચરવામાં આવ્યું હતું, જેમાં ૧.૬૮ કરોડની ખોટી ક્રેડિટ ફરિયાદીએ મેળવી લીધી હતી. મહત્વનું છે કે, આરોપી જતીનના ૪ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે.

આ તરફ બીજા એક કેસમાં સુરતમાં સ્ક્રેપના ધંધામાં કરોડના બોગસ બિલિંગ કરી GSTની ચોરી કરનારો ઝડપાયો છે. વિગતો મુજબ રિયાઝ રાયતા નામના સ્ક્રેપના વેપારીની ધરપકડ કરાઈ છે. SG એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાં ૩૭ કરોડના બિલની હેરાફેરી થયાનું પ્રાથમિક તારણ સામે આવ્યું છે. આ સાથે બોગસ પેઢી બનાવી સ્ક્રેપના બિલિંગ કરી ઈનપુટ ઉઠાવી લેતા હતા. આ સાથે બોગસ બિલિંગ માટે એ.બી એન્ટરપ્રાઈઝ, બારિયા,ગણેશ એન્ટરપ્રાઈઝ અને જય અંબે એન્ટરપ્રાઈઝ, એમ.ડી અને એસ.જી એન્ટરપ્રાઈઝ જેવી ડમી પેઢીઓ બનાવી GSTની ચોરી કરાઈ હતી.

આ કેસમાં પોલીસે સુરત,અમદાવાદ, ભાવનગર, રાજકોટ અને જૂનાગઢમાં તપાસ કરી હતી. આ સાથે બેંક એકાઉન્ટ પણ ખોટી રીતે ખોલાયા હોવાની વિગત સામે આવી છે. જેમાં ટોરેન્ટ પાવર અને DGVCLના ખોટા બિલ પણ રજૂ કરાયા હતા. સમગ્ર મામલે ઈકો સેલે ૨૧ આરોપીની ધરપકડ કરી હતી. આ બંને કાર્યવાહીને લઈ હવે GST ચોરી કરનાર વેપારીઓમાં ફફડાટ જોવા મળી રહ્યો છે.

## TDS મુદ્દે ગ્રાહક અને બેંક મેનેજર વચ્ચે બબાલ થઈ

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદના વસ્ત્રાપુરમાં ગુરુવારે સવારે માનસી સર્કલ પાસે આવેલી યુનિયન બેંકની પ્રેમચંદનગર શાખામાં TDS (ટેક્સ ડિડક્ટેડ એટ સોર્સ) મુદ્દે ગ્રાહક અને બેંક મેનેજર વચ્ચે બબાલ થઈ હતી. જેમાં જૈમન રાવલના નામના ગ્રાહકે બેંકના બ્રાન્ચ મેનેજર સૌરભ સિંઘ અને લાઈફ ઈન્સ્યોરન્સના કર્મચારી શુભમ જૈન વચ્ચે બોલાચાલી બાદ ઝપાઝપી થઈ હતી. જેમાં બેંક મેનેજર સહિતના કર્મચારીએ ગ્રાહકે હુમલો કર્યો હોવાની જણાવ્યું હતું. યુનિયન બેંકની પ્રેમચંદનગર શાખાના બેંકના બ્રાન્ચ મેનેજર સૌરભ સિંઘે ગ્રાહક સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદ મુજબ, બોડકદેવના રહેવાસી જૈમન રાવલ તેમની ફિક્સ ડિપોઝિટના વ્યાજ પર TDS કપાત વિશે પૂછપરછ કરવા બેંકમાં આવ્યા હતા. જ્યારે રિફંડ પ્રક્રિયા વિશે વિગતવાર સમજાવવામાં આવ્યા છતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા. આ દરમિયાન જૈમને તેમના નાણાંનો બેંક દ્વારા દૂરઉપયોગ કરાયાનો આરોપ લગાવ્યો હતો. ઉશ્કેરાયેલા જૈમને બેંક મેનેજરનું આઈડી કાર્ડ ખેંચી લીધું હતું.

### ૧૧ દિવસમાં ૯૯૦૦૦૦૦ ની આવક

# અમદાવાદ આરટીઓને ટ્રાફિક પોલીસની ડ્રાઈવથી બમ્પર કમાણી

## ટ્રાફિક નિયમનો ભંગ કરનાર સામે પોલીસની કાર્યવાહી બાદ અમદાવાદ આરટીઓને રેકોર્ડ બ્રેક આવક થવા પામી

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।



અમદાવાદ શહેરમાં વધતા જતા અકસ્માતનાં બનાવોને લઈ પોલીસ દ્વારા નિયમોનો ભંગ કરનાર સામે કડક કાર્યવાહી હાથ ધરવાનું શરૂ કર્યું છે. અમદાવાદ પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરતા આરટીઓને આવક થવા પામી છે. પોલીસ દ્વારા કાર્યવાહી હાથ ધરાતા આરટીઓને ૧૧ દિવસમાં ૨૬૦૦ લોકોએ દંડ ભર્યો હતો. ૨૬૦૦ લોકોએ ૯૯ લાખ ઉપરનો દંડ ભર્યો હતો.

બીજી તરફ ૧૦૦ જેટલા લોકોનાં તમામ પુરાવા મળતા કોઈ દંડ કરાયો ન હતો. અમદાવાદ પોલીસ દ્વારા ટ્રાફિકનાં નિયમોનું ભંગ કરનાર વાહન ચાલકો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરી છે. તેમજ પોલીસ દ્વારા રાત્રી દરમ્યાન વાહન ચેકીંગ પણ હાથ ધરવામાં આવે છે. ૨૬૦૦ દંડ ભરનારા વાહન ચાલકોમાં ૮૦ ટકા વાહન ચાલકો ટુ વ્હીલર ચાલક છે. તેમજ મોટા ભાગનાં લોકો હેલ્મેટ વગરનાં કેસનાં મેમો આપવામાં આવ્યા હતા.

આંકડાકીય વાત કરીએ તો, છેલ્લા ૩ મહિનામાં પોલીસ ખાતા તરફથી ૩ હજાર અરજીઓ મોકલવામાં આવી છે. જેમાંથી ૧૩૦૦ જેટલી અરજીઓ અમદાવાદના સુભાષબ્રિજ આરટીઓ કચેરીમાં મોકલાઈ છે. આ અરજીઓમાંથી સૌથી વધુ કેસ હેલમેટ ન પહેરનાર વાહન ચાલકો માટેની છે. આરટીઓ કચેરીના અધિકારીએ જણાવ્યું કે વાહન ચાલકને પહેલા તેના ઘરે નોટિસ મોકલવામાં આવે છે. અને આરટીઓ તરફથી ૭ દિવસમાં ખુલાસો માગવામાં આવે છે. ત્યારબાદ ૩ મહિના સુધી લાયસન્સ રદ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૨૩માં સુભાષબ્રિજ આરટીઓ કચેરીએ ૭૦૦ જેટલા વાહન ચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કર્યા હતા. જેની સરખામણીએ ચાલુ વર્ષે માત્ર ૩ મહિનામાં ૧૩૦૦ અરજી મળી છે. જે મોટો આંકડો છે. આ આંકડો દર્શાવે છે કે શહેરમાં ટ્રાફિક નિયમોને પાળનાર કરતા ઉલ્લંઘન કરનાર વાહન ચાલકોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે.

# સૌરાષ્ટ્રમાં સસ્તા અનાજની અછત, ઘઉં, ચોખાનો જથ્થો પહોંચ્યો જ નથી

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં સસ્તા અનાજની દુકાનોમાં અનાજનો જથ્થો પૂરતો ન મળવાથી લાભાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. રાજકોટ ફેર પ્રાઈઝ એસોસિએશનના જણાવ્યા મુજબ, ઘઉં અને ચોખાનો જથ્થો હજુ સુધી દુકાનોમાં પહોંચ્યો નથી. દાળ અને ચણાનો પણ માત્ર ૫૦% જથ્થો જ મળ્યો છે. ગત મહિને પણ અનાજનો પૂરતો જથ્થો ન મળતાં આ મહિને પણ સમાન પરિસ્થિતિ સર્જાઈ છે. દુકાનદારોએ પુરવઠા વિભાગને આ અંગે જાણ કરી છે, પરંતુ હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. અનાજનો જથ્થો ન મળવાને કારણે દુકાનદારો અને લાભાર્થીઓ વચ્ચે વારંવાર ઘર્ષણ થઈ રહ્યું છે. રાજકોટ ફેર પ્રાઈઝ એસોસિએશનના હોદ્દેદારોએ પુરવઠા વિભાગના અધિકારીઓને મળીને આ સમસ્યાનું નિરાકરણ લાવવા માટે રજૂઆત કરી છે. લાભાર્થીઓને સમયસર અનાજ મળી રહે તે માટે સરકારે તાત્કાલિક પગલાં લેવા જોઈએ. સસ્તા અનાજના દુકાનદારોનું નિવેદન આપ્યું હતું. જથ્થો ન આવતા લોકો સાથે વારંવાર ઘર્ષણ થાય છે. ખરેખર જથ્થો નથી કે સંકલનનો અભાવ સરકારનું પુરવઠા વિભાગ તપાસ કરાવે.

રાજકોટ ફેર પ્રાઈસ એસોસિએશનના હોદ્દેદારો પુરવઠા વિભાગના અધિકારીને અનાજના જથ્થા બાબતે રજૂઆત કરવા માટે પણ ગયા હતા. નોંધનીય છે કે, ભારત સરકારે ૧ નવેમ્બરથી રેશન કાર્ડ ધારકો માટે નિયમોમાં ફેરફાર કરી દીધો છે. નવો નિયમ ચોખા અને ઘઉં માટે લાગુ થયો છે.

# ગુજરાતમાંમાં ત્રણ દિવસ બાદ વધશે ઠંડીનો ચમકારો

## આગામી 3 દિવસ વાતાવરણમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના : તાપમાનમાં ઘટાડો થતા ઠંડી વધશે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાં ઠંડીને લઈ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આગામી ૭ દિવસ વાતાવરણ સૂકું રહેવાની આગાહી કરી છે. તેમજ આગામી ૩ દિવસ વાતાવરણમાં ૨ થી ૪ ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે. તાપમાનમાં ઘટાડો થતા ઠંડીનાં પ્રમાણમાં વધારો થશે. તેમજ અત્યારે ઉત્તર-ઉત્તરપૂર્વ દિશામાં પવન ફૂંકાઈ રહ્યો છે. લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. હવામાન વિભાગ દ્વારા ઠંડીને લઈ આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં એક સપ્તાહ સુધી વાતાવરણ સૂકું રહેશે. તેમજ તાપમાન ઘટતા ઠંડીમાં વધારો થશે. અમદાવાદમાં ૧૭.૯ ડિગ્રી તાપમાન નોંધાવા પામ્યું છે. જ્યારે ગાંધીનગરમાં ૧૬.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો નલિયામાં ૧૧.૬ ડિગ્રી તાપમાન સાથે સૌથી ઠંડુગાર શહેર છે. પવનની દિશા ઉત્તર પૂર્વથી ફૂંકાઈ રહ્યા છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૮ ડિસેમ્બરથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પહાડી અને મેદાની વિસ્તારોમાં વરસાદ અને હિમવર્ષા થશે. આનો અર્થ એ છે કે શિયાળામાં હિમવર્ષા અને વરસાદના વિનાશનો સામનો કરવો પડશે, જે સમસ્યાઓમાં વધારો કરી શકે છે. પંજાબ અને હરિયાણામાં ૮ અને ૯ ડિસેમ્બરે વરસાદ પડશે. આ સિવાય પંજાબ, હરિયાણા, ચંદીગઢમાં ૭-૧૦ ડિસેમ્બર સુધી ગાઢ ધુમ્મસ જોવા મળશે. ઉત્તર-પશ્ચિમ ભારતમાં લઘુત્તમ તાપમાન ૧૦-૧૫ ડિગ્રીની વચ્ચે છે જ્યારે મહત્તમ તાપમાન ૧૫-૨૦ ડિગ્રીની વચ્ચે છે. મધ્ય ભારત, ગુજરાત, મહારાષ્ટ્ર અને પૂર્વ ભારતના રાજ્યોમાં તે સરેરાશ કરતાં પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. આજે હરિયાણાના હિસારમાં મેદાની વિસ્તારોમાં સૌથી ઓછું તાપમાન છ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ઉત્તર-પશ્ચિમ ભારતમાં ઠંડી વધશે. આગામી ત્રણ દિવસમાં લઘુત્તમ તાપમાનમાં બે ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થશે. તે પછી કોઈ મોટો ફેરફાર થશે નહીં.

**વિશેષ** પીળું સોનું (ખારેક)ની ખેતીમાં વાર્ષિક રૂ.૧.૫૦ થી ૨ કરોડની કમાણી કરી અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બન્યા

# માથાદીઠ રક્તદાન, ચક્ષુદાન, અંગદાન અને સેવાભાવી સંગઠનોની સંખ્યામાં ગુજરાત દેશમાં પ્રથમ - કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ

। (માહિતી) અમદાવાદ ।

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું છે કે, માથાદીઠ રક્તદાન, ચક્ષુદાન, અંગદાન અને સેવાભાવી સંગઠનોની સંખ્યામાં ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે. ગાંધીજીના સેવા અને પરોપકારના સંસ્કાર ગુજરાતીઓની ગળથુંથીમાં જીવે છે. ગુજરાત લોક સેવા ટ્રસ્ટની સ્થાપનાના ૩૫માં વર્ષમાં પ્રવેશની ઉજવણી પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ આ વાત કહી હતી. શ્રી રોહન ગુપ્તા દ્વારા સંચાલિત આ ટ્રસ્ટની સેવા પ્રવૃત્તિઓ અને સરકારી યોજનાઓને છેવાડાના માનવી સુધી પહોંચાડવાની નેમને મંત્રીશ્રીએ આ તકે બીરદાવી હતી.





શ્રી અમિતભાઈ શાહે આ સંદર્ભે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ નાગરિકોના આવાસ, આરોગ્ય અને અન્ન -રાશન માટે આપેલી રાષ્ટ્રવ્યાપી યોજનાઓ જેવડી મોટી યોજના વિશ્વમાં બીજે ક્યાંય નથી. આગામી તમામ સરકારોએ ગરીબી નિર્મૂલન અને લોકકલ્યાણના કાર્યો કર્યા છે, પરંતુ ૨૦૧૪ પછી મોદી સરકારમાં જે સ્પીડ અને સ્કેલ સાથે જનકલ્યાણલક્ષી વિકાસ કામો થયા અને જે યોજનાકીય લાભો લોકોને મળ્યા તે અભૂતપૂર્વ છે. દરેક ગરીબ મધ્યમ વર્ગના વ્યક્તિને આવાસ, પાણી, ગેસ કનેક્શન, આરોગ્ય સુરક્ષા, રાશન આપીને મોદી સરકારે પાછલા દસ વર્ષમાં ૨૫ કરોડ લોકોને ગરીબી રેખાથી ઉપર લાવ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ જન કલ્યાણ માટે સંકલ્પબદ્ધ સરકારની પરિપાટીના મૂળમાં બંધારણમાં નિહિત રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો હોવાની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. આ સંદર્ભે તેમણે કહ્યું કે, બંધારણના ઘડવૈયાઓએ રાજસત્તાનો નક્કી કરેલો એક માત્ર ઉદ્દેશ 'કલ્યાણ રાજ્ય' છે. સરકાર અને સામાજિક સંગઠનો સૌએ સાથે મળીને કલ્યાણ રાજ્યને સાકાર કરવા માટે કાર્યો કરવાના છે. કેન્દ્રીય મંત્રીશ્રીએ ઉમેર્યુ કે, સરકારની સાથે ગુજરાત લોક સેવા ટ્રસ્ટ જેવા સેવાભાવી સંગઠનો સામાજિક કાર્યકરો જોડાઈ ત્યારે જ કલ્યાણ રાજ્યના લોકોના ઉત્કર્ષના લક્ષ્યો સિદ્ધ થતા હોય છે. બીજાનું કામ કરવાથી, લોકોની સેવા કરવાથી અન્યને મદદરૂપ થવાથી જ સાચો આનંદ અને આત્મસંતોષ પ્રાપ્ત થતો હોય છે. તેવો મત કેન્દ્રીય મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ તકે તેમણે સ્વામી વિવેકાનંદ અને વિનોદ કાંબલીના જીવન પ્રસંગોનો ઉલ્લેખ પણ કર્યો હતો, તેમજ લોકસેવા ટ્રસ્ટના ગરીબ, વૃદ્ધ અને દિવ્યાંગલક્ષી સેવાકાર્યોની સરાહના પણ કરી હતી. ગુજરાત લોક સેવા સંગઠનના ટ્રસ્ટી શ્રી રોહન ગુપ્તાએ પ્રાસંગિક સંબોધન કરતા જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રી શ્રી અમિતભાઈનું સમય આયોજન પ્રશંસનીય છે. શ્રી અમિતભાઈ શાહે લોકસેવાની ભાવનાને સતત બિરદાવી અને માનવતાની સેવામાં શક્ય તમામ સહયોગ આપ્યો છે. ગાંધીનગર સંસદીય મતવિસ્તારના પાત્રતા ધરાવતા પ્રત્યેક લાભાર્થીને સરકારશ્રીની યોજનાનો લાભ અપાવવામાં ટ્રસ્ટ હરહંમેશ સહયોગ આપશે તેવી બાંહેધરી આપી હતી.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રીએ લોકસેવા ફાઉન્ડેશન દ્વારા દિવ્યાંગ કલ્યાણ સ્વરોજગારી, આરોગ્ય, રમત-ગમત જેવા વિષયો સાથે નિર્મિત સ્ટોલ્સની મુલાકાત લઈને લાભાર્થીઓને સહાયનું વિતરણ કર્યું હતું. આજના સમારોહમાં રાજ્યસભા સાંસદ શ્રી નરહરિભાઈ અમીન, અમદાવાદ શહેર મેયર શ્રીમતી પ્રતિભાબેન જૈન, ધારાસભ્ય શ્રી રાકેશ જૈન, શ્રી અમિત ઠાકર તેમજ લોકસેવા ફાઉન્ડેશનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રાજકુમાર ગુપ્તા તથા અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# સુપ્રીમના પૂર્વ જજે બાબરી મસ્જિદના મુદ્દે ચોંકાવનારા ખુલાસા કર્યા

## સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ રોહિનટન નરીમને બાબરી ધ્વંસ પછી આરોપીઓ સામે ચલાવવામાં આવેલી ટ્રાયલ પર સવાલો ઉઠાવ્યા છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ રોહિનટન નરીમને બાબરી ધ્વંસ પછી આરોપીઓ સામે ચલાવવામાં આવેલી ટ્રાયલ પર સવાલો ઉઠાવ્યા છે. સાથે જ કહ્યું હતું કે બાબરી મસ્જિદની નીચે કોઈ રામ મંદિર નહોતુ મળ્યું, તે બાબત ખુદ સુપ્રીમ કોર્ટે સ્વીકારી હતી. તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટની દખલ બાદ પણ આ ટ્રાયલ બહુ જ લાંબી ચાલી હતી અને ભાજપના વરિષ્ઠ નેતાઓને છોડી મુકવામાં આવ્યા હતા. આ નેતાઓને આરોપોથી મુક્ત કરનારા સીબીઆઈ કોર્ટના સ્પેશિયલ જજ સુરેન્દ્ર યાદવને બાદમાં ઉત્તર પ્રદેશમાં લોકાયુક્ત બનાવી દેવાયા હતા. તેઓ નિવૃત્ત થયા તે બાદ આ પદ અપાયું હતું. એટલુ જ નહીં પૂર્વ ન્યાયાધીશે કહ્યું હતું કે ખુદ સુપ્રીમ કોર્ટે સ્વીકાર કર્યો છે કે બાબરી મસ્જિદની નીચે કોઈ રામ મંદિર નહોતું. પૂર્વ મુખ્ય ન્યાયાધીશ એએમ



અહમદીની યાદમાં સ્થપાયેલી સંસ્થાના લેક્ચરમાં બિનસાંપ્રદાયિકતા અને ભારતીય બંધારણ પર સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ નરીમને વક્તવ્ય આપ્યું હતું. જે દરમિયાન તેમણે કહ્યું હતું કે ૧૯૯૨માં બાબરી મસ્જિદ ધ્વંસના આરોપી ભાજપના નેતાઓને છોડી મુકવામાં આવ્યા, આ કેસની ટ્રાયલ ૨૫ વર્ષ સુધી પડતર રહી, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે મેં આદેશ આપ્યો જે બાદ ટ્રાયલ ફરી શરૂ કરાઈ હતી. તેમણે જણાવ્યું હતું કે સ્પેશિયલ સીબીઆઈ જજ સુરેન્દ્ર યાદવે તમામ આરોપીઓને છોડી મુક્યા, બાદમાં નિવૃત્તિ પછી ઉ. પ્રદેશના ઉપ લોકાયુક્ત બન્યા હતા. સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ લખનઉની સ્પેશિયલ કોર્ટે પૂર્વ ઉપવડાપ્રધાન એલ. કે. અડવાણી, પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિંહ, ભાજપના નેતા મુરલી મનોહર જોશી, ઉમા ભારતી અને અન્ય નેતાઓને છોડી મુક્યા હતા. ૭ ડિસેમ્બર ૧૯૯૨ના રોજ અયોધ્યામાં બાબરી મસ્જિદનો ઢાંચો તોડવામાં આવ્યો હતો. ટ્રાયલ કોર્ટે પોતાના ચુકાદામાં નોંધ્યું હતું કે સીબીઆઈ આ મામલામાં આરોપીઓની સામે નક્કર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ રહી છે. એવો કોઈ પુરાવો નથી જેનાથી સાબિત થાય કે બાબરી ધ્વંસ એક કાવતરુ હતું.આ મામલામાં બે ફરિયાદો થઈ હતી જેમાં એક ફરિયાદમાં કારસેવકો અને બીજીમાં આ નેતાઓ આરોપી હતા. જસ્ટિસ નરીમને કહ્યું હતું કે ૨૫ વર્ષ સુધી આ એફઆઈઆરને લઈને કોઈ જ કાર્યવાહી ના થઈ. સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ નરીમને અન્ય એક મોટુ નિવેદન બાબરી મસ્જિદ અને રામ મંદિરને લઈને આપ્યું છે. તેમણે કહ્યું હતું કે સુપ્રીમ કોર્ટના કેટલાક ચુકાદામાં બિનસાંપ્રદાયિકતાના સિદ્ધાંતો હેઠળ ન્યાય નહોતો કરાયો, રામ મંદિર નિર્માણની છૂટ આપતા સુપ્રીમના ચુકાદાને ટાંકીને તેમણે કહ્યું હતું કે આ મામલામાં ન્યાયની મોટી મજાક કરવામાં આવી, ખુદ સુપ્રીમ કોર્ટે પણ એ વાતનો સ્વીકાર કર્યો હતો કે બાબરી મસ્જિદની નીચે કોઈ રામ મંદિર નહોતું.

### અમારી વિકાસની યોજનાઓ અને હિન્દુત્વ બરાબર કામ કરી ગયા

# ચૂંટણીમાં હિન્દુત્વના મુદ્દાની ભૂમિકા નિર્ણાયક રહી હતી : દેવેન્દ્ર ફડણવીસ

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે તાજેતરમાં સંપન્ન થયેલી મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીના પ્રચાર દરમ્યાન હિન્દુત્વના મુદ્દાએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને રાજ્યમાં થયેલા ધ્રુવીકરણને ખાળી શકાયું હતું જેના પગલે રાજ્યમાં મહાયુતિને વિક્રમી બેઠકો સાથે વિજય મળ્યો હતો.ગુરુવારે રાજ્યના મુખ્યમંત્રી તરીકે ત્રીજીવાર શપથ લેનારા ફડણવીસે એબીપી ન્યૂઝ ચેનલને આપેલાં એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે હિન્દુત્વ અને વિકાસ એક સિક્કાની બે બાજુ છે. તે સાથે તેમણે ભાજપના હિન્દુત્વને એક જીવનશૈલી ગણાવી હતી.આ ઈન્ટરવ્યૂમાં ફડણવીસે આરોપ મૂક્યો હતો કે વિરોધપક્ષ મહાવિકાસ અઘાડીએ ઈસ્લામિક વિદ્વાન સજ્જાદ નોમાની સાથે એક કરાર કર્યો હતો જેમાં એવું નક્કી થયું હતું કે ૨૦૧૨થી અત્યાર સુધી થયેલા કોમી રમખાણોમાં જેટલા પણ મુસ્લિમો



સામે કેસ થયા હતા તે તમામ કેસ પાછા ખેંચી લેવામાં આવશે. ચૂંટણી પ્રચાર દરમ્યાન ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્ય નાથે 'બટેંગે તો કટેંગે'ના સૂત્રને જોરશોરથી ઉછાળ્યું હતું, અને ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'એક હૈ તો સેફ હૈ'નું સૂત્ર આપ્યું હતું.ઉલ્લેખનીય છે કે ચૂંટણી પ્રચાર દરમ્યાન નોમાનીએ 'વોટ જેહાદ'ની હાકલ કરી હતી પરંતુ ફડણવીસે 'મતોનું ધર્મયુદ્ધ' જેવું અણીદાર સૂત્ર આપીને આ હાકલને ખાળી હતી. ઈન્ટરવ્યૂમાં ફડણવીસે કહ્યું હતું કે કોંગ્રેસે હિંદુઓ ઉપર ખુબ અત્યાચારો કર્યા હોવાથી જ મતદાનની ટકાવારી વધી હતી. જ્યારે તમે કોઈને દબાવાનો પ્રયાસ કરશો તો તે વધુ મજબૂત થઈને બેઠો થશે. હિન્દુત્વના મુદ્દાએ નિર્ણાયક ભૂમિકા ભજવી હતી અને રાજ્યમાં થયેલા ધ્રુવીકરણને ખાળી શકાયું હતું જેના પગલે મહાયુતિને જંગી બેઠકો સાથે વિજય મળ્યો હતો. અમારી વિકાસની યોજનાઓ અને હિન્દુત્વ બરાબર કામ કરી ગયા. હિન્દુત્વ અને વિકાસ એક સિક્કાની બે બાજુ છે. આ વખતની ચૂંટણીમાં ૬૬.૦૫ ટકા જેટલું મતદાન નોંધાયું હતું જે ૨૦૧૯માં નોંધાયેલા ૬૧.૧ ટકા મતદાનથી પાંચ ટકા વધુ હતું. ભાજપનું હિન્દુત્વ એક જીવનશૈલી છે અને તે કોઈ ધાર્મિક વિધિ-વિધાન નથી. હિન્દુત્વ પ્રત્યે કોઈની પણ દૃષ્ટિ સંકુચિત ના હોવી જોઈ એમ ફડણવીસે કહ્યું હતું.પોતાના કાર્યો દ્વારા ખુદ વડાપ્રધાન મોદીએ દર્શાવી આપ્યું છે કે હિન્દુત્વ શું છે. મુસ્લિમ મતો ગુમાવી દેવાના ડરથી જે લોકો મંદિરે જતાં ડરતાં હતા તેઓએ પણ મંદિરોમાં જવાની શરૂઆત કરી દીધી હતી એમ ફડણવીસે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી ઉપર ટોણો મારતા કહ્યું હતું.

### હેલિકોપ્ટરથી સંતો પર થશે પુષ્પ વર્ષા

# પ્રયાગરાજમાં મહાકુંભની તડામાર તૈયારીઓ શરૂ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૭ ।

પ્રયાગરાજના સંગમ કિનારે જાન્યુઆરી ૨૦૨૫માં આયોજિત થનાર મહાકુંભને વિશ્વનો સૌથી મોટો ધાર્મિક મેળો માનવામાં આવે છે. યોગી સરકાર મહાકુંભ ૨૦૨૫ને અભૂતપૂર્વ અને યાદગાર બનાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. આ વર્ષના મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સલામતી, સ્વચ્છતા અને તમામ જરૂરી સુવિધાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવી રહ્યું છે, જેથી આ ધાર્મિક પ્રસંગ દરેક માટે અદ્ભુત અને સલામત અનુભવ સાબિત થઈ શકે. તાજેતરમાં જ સરકારે તેને રાજ્યનો ૭૬મો જિલ્લો જાહેર કર્યો છે, જે ''મહા કુંભ મેળા જિલ્લા'' તરીકે ઓળખાશે. મહા કુંભની ભવ્યતા અને દિવ્યતાને વધુ વધારવા માટે, ભક્તો પર આકાશમાંથી ફૂલોની વર્ષા કરવાની યોજના પર કામ કરવામાં આવી રહ્યું છે.

યોગી સરકાર કુંભ અને માઘ મેળા જેવા મોટા ધાર્મિક કાર્યક્રમોમાં ઘણી વખત ભક્તો પર પુષ્પવર્ષા કરી ચૂકી છે અને સરકાર મહાકુંભ ૨૦૨૫માં પણ આ પરંપરા ચાલુ રાખવાની યોજના બનાવી રહી છે. પ્રયાગરાજ ડિવિઝનલ કમિશનર વિજય વિશ્વાસ પંતના જણાવ્યા અનુસાર, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની સૂચના પર, ઘણા ધાર્મિક કાર્યક્રમો દરમિયાન હેલિકોપ્ટરમાંથી ભક્તો, સંતો અને કણવાડીઓ



પર ફૂલોની વર્ષા કરવામાં આવી છે. આ પરંપરા મહાકુંભ ૨૦૨૫ દરમિયાન પણ ચાલુ રાખવામાં આવશે.

આ વખતે સંગમ નાકે તેમજ અન્ય મુખ્ય ઘાટો પર ફૂલવર્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે કારણ કે મહાકુંભમાં ભક્તોની સંખ્યા ઘણી વધારે હશે. ટૂંક સમયમાં આના પર એક એક્શન પ્લાન તૈયાર કરવામાં આવશે, જેથી તમામ ઘાટ પર આ અનુભવ ભક્તો માટે યાદગાર બની શકે. યોગી સરકાર હેઠળ, ઉત્તર પ્રદેશમાં ભક્તો પર ફૂલોની વર્ષા હવે સનાતન સંસ્કૃતિ અને આસ્થાને શ્રદ્ધાંજલિ આપવાનું પ્રતીક બની ગઈ છે. કુંભનો પવિત્ર સ્નાનનો તહેવાર હોય, માઘ મેળો હોય કે કાવડ યાત્રા હોય, દરેક પ્રસંગે ફૂલોની વર્ષા દ્વારા શ્રદ્ધાનું સન્માન કરવામાં આવે છે. યોગી આદિત્યનાથ પોતે હેલિકોપ્ટર અને સ્ટેજ પરથી ભક્તો અને કંવરિયાઓ પર પુષ્પોની વર્ષા કરીને સનાતન સંસ્કૃતિનું ગૌરવ વધારતા રહ્યા છે.



નવી દિલ્હીમાં સશસ્ત્ર દળ ધ્વજ દિવસ ૨૦૨૪ના અવસર પર નરેન્દ્ર મોદીને કેન્દ્રીય સૈનિક બોર્ડના સચિવ બ્રિગેડિયર ડી.એસ. બસેરા સાથે મુલાકત કરી.

# છત્તીસગઢમાં યુદ્ધ જેવી સ્થિતિ, ૨૦૦ નક્સલીઓએ એકસાથે હુમલો કર્યો

। છત્તીસગઢ, તા.૭ ।

છત્તીસગઢમાં સુરક્ષાદળોની નક્સલીઓ સાથેની અથડામણ સતત વધતી જઈ રહી છે. ગુરુવારે (પાંચમી ડિસેમ્બર) મોડી રાતે તો જાણે યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ હતી. લગભગ ૨૦૦ જેટલાં નક્સલીઓએ એકસાથે હુમલો કરી દેતાં સ્થિતિ ગંભીર બની હતી. પરંતુ એલર્ટ સૈન્ય જવાનોએ આ હુમલાને બહાદુરીપૂર્વક નિષ્ફળ બનાવી દીધો હતો. આ હુમલાનો જવાબ આપતી વખતે બે ભારતીય જવાનો ઘાયલ થયા હતા. માહિતી અનુસાર બીજાપુર જિલ્લાના જીડપલ્લી-૨ ખાતે બે દિવસ પહેલા જ સૈન્ય કેમ્પ ખુલ્લુ મૂકાયું હતું. આ અવસરે પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ જીતેન્દ્ર યાદવ પણ ત્યાં હાજર હતા. એ સમયે ૨૦૦ જેટલા નક્સલીઓએ એકસાથે હુમલો કરી દીધો હતો. માહિતી અનુસાર નક્સલીઓએ આ દરમિયાન બેરેલ ગ્રેનેડ લોન્ચરની સાથે આધુનિક હથિયારો વડે હુમલો કર્યો હતો. લગભગ ચાર કલાક સુધી ચાલેલી અથડામણમાં સતત સામ-સામે ફાયરિંગ થતું રહ્યું હતું. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટની આગેવાનીમાં જવાનોએ જડબાતોડ જવાબ આપ્યો હતો.

### બે લોકો પાસેથી રૂપિયા ૧૬.૨૪ લાખ પડાવ્યા

# કેનેડાના સ્ટુડન્ટ વિઝા કાઢી આપવાના બહાને છેતરપિંડી, ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

કેનેડાનાસ્ટુડન્ટવિઝાકાઢીઆપવાના બહાને એજન્ટ મહિલા સહિત બે શખ્સો દ્વારા મહેસાણા જિલ્લાના આધેડ સહિત બે લોકો પાસેથી ૧૬.૨૪ લાખ રૂપિયા પડાવી લેવામાં આવ્યા હતા. વારંવાર રૂપિયા પરત માંગવા છતાં નહીં આપી તથા વિઝા પણ નહીં કાઢી આપી છેતરપિંડી આચરવામાં આવી હતી. જેથી આધેડે બે ઠગો વિરુદ્ધ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી છે. મૂળ મહેસાણા જિલ્લામાં રહેતા કનુજી રાજાજી પરમારે ફરિયાદ નોંધાવી છે કે હું કડી બસ સ્ટેશન ખાતે કંડક્ટર તરીકે નોકરી કરી માટે જીવન ગુજરાન ચલાવું છુ. મારા દીકરા દિરપાલસિંહને વધુ અભ્યાસ માટે કેનેડા જવું હોય જેથી મારે મારા દિકરના સ્ટુડંટ વિઝા કઢાવવાના હોય આ વાત મેં મારા ભત્રીજા ધવલને કરી હતી. જેથી ધવલે મને જણાવેલ કે મારા મિત્ર દિલીપ શંકર પટેલના ઓળખીતા વિઝાનુ કામ કરે છે. જેથી મે દિકરા દીરપાલસિંહ અને ભત્રીજા ધવલને આણંદ ખાતે દિલીપ



ભાઈના ઘરે મોકલેલ ત્યાથી તેઓએ દિલીપભાઈએ વિઝાનું કામ કરતા અને વડોદરાના અભિલાષા ચોકડી પાસે ગુણાતીત રેસીડેન્સીમાં રહેતા તેમની માનેલીબેન સંગીતાબેન ઓઝા ઓળખાણ કરાવી હતી અને તે તમારૂ વીઝાનું કામ ૧૦૦% કરાવી આપશે તેવી વાત કરી હતી. હું તથા મારા પત્નિ નામે તારાબેન આ સંગીતાબેનને મળવા વડોદરા ખાતે તેમના ઘરે ગયા હતા. જ્યાં સંગીતાબેન સાથે સ્ટુન્ડ વિઝાની તમામ વાતચીત કર્યા કરી અમારા પુત્રના તમામ ડોક્યુમેન્ટની ખરાઈ કરાવ્યા બાદ સંગીતાબેને કેનેડા સ્ટુડન્ટ વિઝાનો કુલ ખર્ચ રૂ.૧૫ લાખ થશે અને અને કેનેડાના સ્ટુડન્ટ વિઝા માત્ર છ માસમાં આવી જશે તેમ જણાવેલ હતું. જેથી અમને આ સંગીતાબેન ઉપર વિશ્વાસ આવી જતા મારા તથા મારા દિકરાના અકાઉંટ માથી ગુગલ પે દ્વારા કુલ રૂ.૧૦.૨૪ લાખ તથા રોકડા ૫ લાખ મળી રૂ.૧૫.૨૪ લાખ કેનેડાના સ્ટુડંટ વિઝા કઢાવી આપવાના બહાને દિલીપ ભાઈ તથા સંગીતાબેન બન્નેએ મળી મેળવી લીધા હતા તેમજ સદનામલિંગ જસબીરસિંહ ગાવરીયાના રૂ.૧ લાખ વિઝા લાવી અપાવાના બહાને મેળવી થઈ આજ દિન સુધી મારા દિકરા તથા અન્યના વિઝા કરાવી આપેલ નહી. સંગીતાબેનના ઘરે જઈ તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ સંગીતાબેન ઘર ખાલી કરી કયાક જતા રહેલ છે. જેથી આ વાત મેં આ દિલીપભાઈને કરતા દીલીપભાઈએ જણાવેલ કે સંગીતાબેન તમારા રૂપીયા પરતના આપે તો હું તમને રૂપીયા પરત આપી દઈશ તેવો વિશ્વાસ આપી આજદિન સુધી કેનેડાના સ્ટુડન્ટ વિઝા કડાવી આપવાના બહાને મેળવી રૂપિયા પરત નહી આપી અમારી સાથે છેતરપીંડી કરી છે.

# હૃદયમાં જ પણ એક નાનું મગજ ગોઠવાયેલું હોવાનો દાવો

## વિજ્ઞાનીઓની 'અવિશ્વસનીય' નવી શોધ, હૃદય રૂધિરાભિષરણમાં કેવી ભૂમિકા ભજવે છે તે અંગે પણ આ સંશોધનને કારણે નવી સમજ કેળવાશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

યુએસની કારોલિન્સ્કા ઈન્સ્ટિટયુટ અને કોલંબિયા યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ દ્વારા એક મોટી શોધ કરવામાં આવી છે કે હૃદયનું તેનું આગવું ચેતાતંત્ર છે જે હૃદયના ધબકારાંને નિયંત્રિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. વિજ્ઞાનીઓએ આ નવી શોધને મીની બ્રેઈન તરીકે ઓળખાવી છે. નેચર કમ્યુનિકેશન્સ સામયિકમાં પ્રકાશિત આ અભ્યાસને પગલે હૃદય વિશેની લાંબા સમયથી કેળવાયેલી સમજ સામે પડકાર ઉભો થયો છે. આ પણ વાંચોઃ મોબાઈલનો ઉપયોગ કરવો સિગારેટ પીવા જેવું, લોકોને બચાવવા માટે આ દેશે તૈયાર કર્યો મેગા પ્લાનપરંપરાગત રીતે એમ સમજવામાં આવતું હતું કે હૃદયની કોશિકાઓનું નેટવર્ક એક સરળ રિલે સિસ્ટમ છે જેનું કામ મગજમાંથી આવતાં સંદેશાઓ હૃદયને પહોંચાડવાનું છે. જો કે, હવે સંશોધકોએ શોધી કાઢ્યું છે કે હૃદયની દિવાલમાં ન્યુરોનનું એક સંકુલ નેટવર્ક આવેલું હોય છે જે હૃદયના ધબકારાંનું નિયમન કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. કારોલિન્સ્કા ઈન્સ્ટિટયુટના મુખ્ય સંશોધક કોન્સ્ટન્ટિનોસ એમપત્ઝીસે જણાવ્યું હતું કે જેમ શ્વાસને નિયંત્રિત કરવામાં મગજની ભૂમિકા મહત્ત્વની છે તેવી જ રીતે હૃદયના ધબકારાંને નિયંત્રિત કરવામાં આ લીટલ બ્રેઈન ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આ આંતરિક ચેતાતંત્રની સંકુલતા વિશે આશ્ચર્ય વ્યકત કરતાં એમપત્ઝીસે જણાવ્યું હતું કે તેને સમજવાથી હૃદયરોગોની સારી સારવાર વિકસાવવામાં સહાય મળશે. સંશોધકોની ટીમે ઝેબ્રાફિશનો ઉપયોગ તેમના સંશોધન માટે કર્યો હતો. આ માછલીનું મગજ માનવમગજ સાથે સામ્ય ધરાવતું હોઈ તે આ પ્રકારના સંશોધનો માટે આદર્શ મોડેલ ગણાય છે.સંશોધકોએ હૃદયમાં જ વિવિધ પ્રકારના મજ્જાતંતુઓ શોધી કાઢ્યા છે જેમાં દિલના લયને અસર કરતાં પેસમેકર મજ્જાતંતુઓનો પણ સમાવેશ થાય છે. આ સંશોધનને કારણે હૃદયરોગો અને તેની સંભવિત સારવારો પર મોટી અસર પડશે. આ અભ્યાસ હાથ ધરવા માટે સંખ્યાબંધ ફાઉન્ડેશન્સે હાથ મિલાવ્યા હતા. આ બાબતે વધારે સંશોધન કરવા પર ભાર મુકતાં સંશોધકોએ જણાવ્યું હતું કે આ ચેતાતંત્ર ખોરવાઈ જવાથી વિવિધ હૃદયરોગો પર કેવી અસર થાય છે.

### ન્યુઝ બોક્ષ

## મધ્યપ્રદેશમાં ધો.૧૨ના વિદ્યાર્થીએ સ્કૂલમાં જ પ્રિન્સિપાલને ઠાર માર્યા



। (એજન્સી) છતરપુર, તા.૭ ।

મધ્યપ્રદેશના છતરપુર જિલ્લામાં શુક્રવારે બપોરે ધોરણ ૧૨ના એક વિદ્યાર્થીએ તેની સ્કૂલના પ્રિન્સિપાલની ગોળી મારીને હત્યા કરતા સનસનાટી મચી ગઈ હતી. આ કૃત્ય બાદ તે મૃતકના સ્કૂટર પર તેના સાથી મિત્ર સાથે સ્થળ પરથી ભાગી ગયો હતો. સ્કૂલમાં મોડાં આવવા બદલ ઠપકો આપવામાં આવતા વિદ્યાર્થીએ આ કૃત્ય કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે ૫૫ વર્ષીય પ્રિન્સિપાલ એસ કે સક્સેનાને બપોરે ૧:૩૦ વાગ્યે ધમોરા સરકારી હાઈસ્કૂલના શૌચાલયના પ્રવેશદ્વાર પર માથામાં ગોળી મારવામાં આવી હતી. સક્સેનાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. શૂટર અને તેનો સહયોગી મૃતકના સ્કૂટર પર ભાગી ગયા હતા. બંને વિદ્યાર્થીઓને પકડવાના પ્રયાસો ચાલુ કરાયા હતા. પિસ્તોલ હજુ રીકવર કરવાની બાકી છે.બંને આરોપીઓ આજે અને અગાઉના દિવસોમાં સ્કૂલોમાં મોડા આવ્યા હતાં અને તેનાથી તેમને ઠપકો આપવામાં આવ્યો હતો. તેથી બંને વિદ્યાર્થીઓ નારાજ થયા હતા. આરોપી વિદ્યાર્થીનું નામ સલભ યાદવ છે.

## યુક્રેનના 'રોબોટ્સ' રશિયાની સેના સાથે હવે યુદ્ધ લડશે



। (એજન્સી) કીવ, તા.૭ ।

રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ શરૂ થયું ત્યારે કદાચ આ બંને દેશોએ પણ વિચાર્યું નહીં હોય કે આટલું લાંબુ ચાલશે. અઢી વર્ષ વીતી ગયા પણ બંને દેશોની સેના હજુ પણ યુદ્ધના મેદાનમાં છે. યુક્રેન પણ સૈનિકોની અછતમાંથી પસાર થઈ રહ્યું છે. તેથી, ત્યાંની સરકારે ફ્રન્ટલાઈન પર ૧૦ હજાર રોબોટ્સ તૈનાત કરવાનો નિર્ણય લીધો છે.યુક્રેન છેલ્લા અઢી વર્ષથી રશિયા સાથે યુદ્ધમાં ફસાયેલું છે. રશિયાના સૈનિકો અને આધુનિક હથિયારોના અભાવને કારણે તેને ઘણું નુકસાન પણ થયું છે. આવી સ્થિતિમાં યુક્રેન સરકારે ૧૦ હજાર 'રોબોટ્સ'ને મોરચા પર ઉતારવાનો નિર્ણય કર્યો છે.આ રોબોટ્સ વાસ્તવમાં બગ્ગી જેવા વાહનો હશે, જેને આવતા વર્ષ સુધીમાં ફ્રન્ટલાઈન પર તૈનાત કરવામાં આવશે. આવા વાહનોને માનવરહિત ગ્રાઉન્ડ વાહનો કહેવામાં આવે છે. આ યુક્રેનિયન સૈનિકોને ભારે રશિયન આગ અને ડ્રોન હુમલાઓનો સામનો કરવામાં મદદ કરશે.

## ઓનલાઈન ગેમ્બલિંગ ગેમ્સ મામલે હાઈકોર્ટમાં પીઆઇએલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

દેશમાં ઓનલાઈન ગેમિંગ અને ગેમ્બલિંગની પ્રવૃત્તિઓ વધી છે, યુવાનો તેના રવાડે ચઢ્યા છે. ત્યારે ખાસ કરીને IPL જેવી ક્રિકેટ મેચોમાં ઓનલાઈન ગેમ રમીને રાતોરાત પૈસા કમાવવાની લોકોમાં લાલસા વધી છે. મોબાઈલ પ્રીમિયર લીગ જેવા પ્લેટફોર્મ શરૂ થઈ છે ત્યારે આવી ઓનલાઈન ગેમ્સ સામે અમદાવાદમાં રહેતા યુવકે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરી છે. આ સટ્ટો કે સ્કીલ ગેમ તેની ઉપર સ્પષ્ટતાની જરૂર હોવાથી આ મામલે ૩ જાન્યુઆરીએ સુનાવણી યોજવામાં આવશે. અમદાવાદમાં રહેતા સુમિત પ્રજાપતિએ હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરી છે. આ પીઆઈએલ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની બેન્ચ સમક્ષ રજૂ થઈ હતી. અરજીમાં રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર અને બે પ્રાઈવેટ ઓનલાઈન ગેમ્સ ડેવલપર ગેલેક્ટ્સ ફનવેર ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ અને પ્રોબ મીડિયા ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. આજે અરજદારના વકીલ કોર્ટ સમક્ષ ઉપસ્થિત રહી શક્યા ન હતા. સરકાર વતી ઉપસ્થિત થયેલા વકીલે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦માં પણ આવી જ એક જાહેર હિતની અરજી દાખલ થઈ હતી પરંતુ કોર્ટે અરજદારને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા જણાવ્યું હતું. ચર્ચાનો પ્રશ્ન છે કે શું આ કોઈ સ્કીલ ગેમ છે કે ગેમ ઓફ ચાન્સ છે.

## તંત્રી લેખ...

# રાજમાર્ગો પર ગેરકાયદે કબજા અને દબાણ

એ નિરાશાજનક સચ્ચાઈ છે કે રાષ્ટ્રીય રાજમાર્ગો પર ગેરકાયદે કબ્જા અને દબાણને લઈને ઉદાસીનતા કેળવવામાં આવે છે. હાલમાં જ સંસદમાં આપવામાં આવેલ એક માહિતી અનુસાર છેલ્લા ત્રણ વર્ષમાં રાજમાર્ગો પર દબાણના કેસોમાં ના તો કોઈના પર કેસ નોંધવામાં આવ્યો છે કે ના કોઈ દંડ કરવામાં આવ્યો છે. એટલાથી સંતુષ્ટ ન થઈ શકાય કે રાજમાર્ગો પર થનારા કબ્જા અને દબાણને હટાવવાનું કામ થતું રહે છે, કારણ કે એવું કરનારા વિરુદ્ધ કોઈ દંડાત્મક કાર્યવાહી ન થવાથી તેઓ ફરીથી રાજમાર્ગો પર દબાણ કરવા માંડે છે. તેની જાણ એના પરથી થાય છે કે આ વર્ષે મધ્ય પ્રદેશમાં રાજમાર્ગો પરથી ૧૮૬૬ ગેરકાયદે કબ્જા હટાવવામાં આવ્યા, મહારાષ્ટ્રમાં ૧૦૬૨ અને ગુજરાતમાં ૧૧૫૩. આ જ રીતે એનસીઆરમાં ૯૨ ગેરકાયદે કબ્જા હટાવવા પડ્યા. શું કોઈ એ દાવો કરી શકે કે આ ગેરકાયદે કબ્જા ફરીથી નહીં થાય? તેની ભરપૂર આશંકા છે કે તેમાંથી કેટલાક કબ્જા ફરીથી કરવામાં આવ્યા જ હશે. સમજવું મુશ્કેલ છે કે રાજમાર્ગોને બાધિત કરનારાઓ વિરુદ્ધ આટલી ઉદારતા કેમ રાખવામાં આવે છે? એ સમજવું જોઈએ કે રાજમાર્ગો પર દબાણ અને ગેરકાયદે કબ્જો કરનારા વિરુદ્ધ દંડાત્મક કાર્યવાહી કર્યા વિના આવાગમનને સુગમ બનાવવું સંભવ નહીં બને. જ્યારે રાજમાર્ગ અતિક્રમણ અને ગેરકાયદે કબ્જાનો શિકાર થાય છે તો માત્ર ટ્રાફિક જ બાધિત નથી થતો, બલ્કે દુર્ઘટનાઓનું પણ જોખમ વધી જાય છે. એ એક તથ્ય છે કે રાજમાર્ગો પર થનારી દુર્ઘટનાઓ અને તેમાં મરનારા અને ઘાયલ થનારાની સંખ્યા સતત વધી રહી છે. રાજમાર્ગો પર દબાણના કેસમાં સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય માત્ર રાજ્ય સરકારોને દોષ ન આપી શકે, કારણ કે પ્રશ્ન એ છે કે તેની પોતાની એજન્સીઓ શું કરી રહી છે? કોઈ રાજમાર્ગ પર ગેરકાયદે કબ્જા કે દબાણને હટાવીને કર્તવ્ય પૂરું સમજી લેવાય નહીં, કારણ કે તેની ગેરંટી નથી કે ત્યાં ફરીથી દબાણ નહીં થાય. આપણા દેશમાં તો સ્થિતિ એવી છે કે જો ક્યાંક આજે દબાણ હટાવવામાં આવે છે તો કાલે તે ફરીથી પાછાં આવી જ જાય છે. એ પણ કોઈથી છૂપું નથી કે કેટલીય વખત રાજમાર્ગોના કિનારે દુકાનો લાગી જાય છે કે પછી ઓટો-ટેમ્પો અને બસો મુસાફરોને ઉતારવા-લેવાનું કામ કરવા લાગે છે. એના પર ત્યાં સુધી કોઈ ધ્યાન નથી આપતું, જ્યાં સુધી કોઈ દુર્ઘટના ન ઘટે. એ ઠીક છે કે સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે પોતાના ક્ષેત્રીય કાર્યાલયો સાથે હાઈવે પ્રશાસનને ગેરકાયદે કબજા અને દબાણની તપાસ માટે રાજમાર્ગોના નિરીક્ષણના નિર્દેશ આપ્યા છે, પરંતુ એવા કોઈ નિર્દેશની તો જરૂર જ ન પડવી જોઈએ, કારણ કે એ જોવાનું તો તેમનું પ્રાથમિક દાયિત્વ છે કે રાજમાર્ગો પર આવી કોઈ પ્રકારની અડચણ ઊભી ન થવા પામે.

# ધર્માંતરણ અંગ્રેજી રાજ પહેલેથી જ રાષ્ટ્રીય બેચેનીનો વિષય રહ્યું છે

મદ્રાસ હાઈકોર્ટમાં એક મહિલાએ ઈસાઈ હોવા છતાં હિંદુ દલિત હોવાનું પ્રમાણપત્ર માગ્યું હતું. ન્યાયાલયે ટિપ્પણી કરી કે માત્ર નોકરી માટે ધર્માંતરણ બંધારણની વિરુદ્ધ છે. સુપ્રીમ કોર્ટે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને સ્વીકાર કરી લીધો છે. ન્યાયાલયે કહ્યું કે અનામતનો લાભ ઉઠાવવા માટે કરાયેલ ધર્માંતરણ બંધારણ સાથે છેતરપિંડી છે. સુપ્રીમ કોર્ટનો તાજો ચુકાદો આવકાર્ય બન્યો છે. રાષ્ટ્રપતિના ૧૯૫૦ના આદેશમાં કહેવાયું છે કે માત્ર હિંદુઓ, બૌદ્ધ, જૈન સહિત શીખોના દલિતોને અનુસૂચિત જાતિનો દરજ્જો મળી શકે છે. બંધારણમાં ધર્મ પ્રચારની સ્વતંત્રતા છે અને કોઈપણ પંથ કે વિશ્વાસને સ્વીકાર કરવાની પણ સ્વતંત્રતા છે. કોર્ટે ભાર મૂકતાં કહ્યું કે ધર્માંતરણ સાચા વિશ્વાસથી પ્રેરિત હોય છે, નહીં કે ગુપ્ત ઉદ્દેશ્યોથી. ધર્માંતરિત દલિત ઈસાઈ-મુસ્લિમની અનામત સાથે જોડાયેલી માંગ જૂની છે. ધર્માંતરિત અનુસૂચિત જાતિને સરકારી પ્રયોજનો માટે અનુસૂચિત જાતિનો ન માની શકાય. તેમને ઈસાઈ કે મુસ્લિમ બની જવાનો કોઈ લાભ નહીં મળે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદાના વ્યાપક પ્રભાવ પડશે. ધર્માંતરણ અંગ્રેજી રાજ પહેલેથી જ રાષ્ટ્રીય બેચેનીનો વિષય રહ્યું છે. મિશનરી હોસ્પિટલ, સ્કૂલ અને તમામ સુવિધાઓ આપીને ગરીબોનું ધર્માંતરણ કરાવે છે. તમિલનાડુ, કેરળ, તેલંગણા અને ઝારખંડ વગેરે કેટલાય રાજ્યોમાં ધર્માંતરણ ચાલુ છે. મહાત્મા ગાંધીએ ૧૯૩૬માં હરિજનમાં લખ્યું હતું, 'તમે પુરસ્કાર રૂપે ઈચ્છો છો કે તમારા દર્દી ઈસાઈ બની જાય.' ડો.આંબેડકરે પણ કહ્યુ હતુ કે 'ગાંધીજીના તર્ક સાથે તેઓ સહમત છે, પરંતુ તેમને ઈસાઈ પંથ પ્રચારકોને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવું જોઈએ કે પોતાનું કામ અટકાવી દે.' તેમણે વ્લાદિમીરના ઈસાઈ હોવા અને એક સાથે ભારે ભીડના ધર્માંતરણનું ઉદાહરણ આપતાં કહ્યું, 'ઈતિહાસ સાક્ષી છે કે છેતરપિંડીને કારણે ધર્મપરિવર્તન થયાં છે.' આફ્રિકી આર્કબિશપ ડેસમંડ ટૂટૂએ કહ્યું હતું, 'જ્યારે મિશનરી આફ્રિકા આવ્યા ત્યારે તેમની પાસે બાઈબલ હતું અને અમારી પાસે ધરતી. મિશનરીએ કહ્યું કે અમે બધા પ્રાર્થના કરીએ. અમે પ્રાર્થના કરી. આંખો ખોલી તો જોયું કે અમારી પાસે બાઈબલ હતું અને જમીન તેમના કબ્જામાં!' છળકપટથી કરાયેલ ધર્માંતરિત વ્યક્તિની દેશ પ્રત્યે કોઈ આસ્થા નથી રહેતી. વિશ્વવિખ્યાત લેખક વી.એસ. નાયપોલે લખ્યું છે, 'જેનું ધર્મપરિવર્તન થાય છે, તેનો પોતાનો ભૂતકાળ નષ્ટ થઈ જાય છે. નવા વિશ્વાસને કારણે તેના પૂર્વજ બદલાઈ જાય છે. તેણે કહેવું પડે છે કે અમારા પૂર્વજોની સંસ્કૃતિ અસ્તિત્વમાં નથી અને કોઈ અર્થ નથી ધરાવતી.' આઝાદી બાદ મધ્ય પ્રદેશની કોંગ્રેસી સરકાર પણ ધર્માંતરણથી પરેશાન રહી. એ દોરમાં મુખ્યમંત્રી રહેલા રવિશંકર શુક્લએ ન્યાયમૂર્તિ ભવાની શંકર નિયોગીની અધ્યક્ષતામાં તપાસ કમિટી બનાવી. સમિતિએ ૧૪ જિલ્લાના લગભગ ૧૨,૦૦૦ લોકોનાં નિવેદન લીધાં. ઈસાઈ સંસ્થાઓને પણ પોતાનો પક્ષ રજૂ કરવાનો અવસર મળ્યો. નિયોગી સમિતિએ ધર્માંતરણના લ-યને લઈને ભારત આવેલા વિદેશી તત્ત્વોને દેશથી બહાર કરવાની ભલામણ કરી. ઉચ્ચ ન્યાયાલયના સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિ એમ.એલ. રેંગેના નેતૃત્વવાળી તપાસ સમિતિએ ઈસાઈ ધર્માંતરણને જ તોફાનોનું કારણ ગણાવ્યું. વેણુગોપાલ આયોગે આ કૃત્ય રોકવા માટે નવા કાયદાની ભલામણ કરી. ઓડિશામાં સક્રિય ઈસાઈ પંથ પ્રચારક ગ્રાહમ સ્ટેન્સ અને તેનાં બે બાળકોને સળગાવી મારવાની ઘટનાની તપાસ કરનારા વાધવા આયોગે પણ ઈસાઈ ધર્માંતરણને ચિહ્નિત કર્યું. ૨૦૨૦માં મોદી સરકારે સખ્તાઈ દેખાડી અને ચાર મોટા ઈસાઈ સંગઠનોના અનુમતિ પત્ર અને વિદેશી અનુદાન વિનિયમન અધિનિયમ જોગવાઈ રદ કરી દીધી. અધિનિયમના સંશોધનમાં તમામ એનજીઓને ૨૦ ટકાથી વધારે પ્રશાસનિક ખર્ચ ન કરવાના નિર્દેશ છે.

**એકંદરે જર્નાલિઝમ એક વ્યવસાય બની ગયો છે, અને જ્યાં પ્રજા સુધી સાચા સમચાર પહોંચતાં નથી**

# ધ સાબરમતી રિપોર્ટ! સત્તાની કે રૂપિયાની લાલચ માટે ભાઈચારાનાં ભાવનું બલિદાન!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સાબરમતી રિપોર્ટ એ ૨૦૨૪ ની ભારતીય હિન્દી ભાષાની રાજકીય ડ્રામા ફિલ્મ છે, જે અવિનાશ અને અર્જુન દ્વારા લખાયેલી અસીમ અરોરાની વાર્તાને ધીરજ શરણ દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી, આ ફિલ્મનું નિર્માણ બાલાજી મોશન પિક્ચર્સ અને વિકીર ફિલ્મ્સ પ્રોડક્શન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે, અને તેનું બજેટ ૫૦ કરોડ છે.**

ઘણી બધી વાતોને ભારતીય સમાજના લોકો મહત્વ આપતાં હોય છે, અને એને કારણે એ જાણે બધું જ જાણતાં હોય, એમ ચર્ચા પણ કરતો હોય છે. સોશિયલ મીડિયા પણ અત્યારે તો એટલું પ્રચલિત હોય, કે બોલીવુડના સ્ટારના જીવનમાં ઘટતી ઘટનાઓ વિશે પણ ચર્ચાઓ અને અફવાઓ ચાલતી હોય! ઘર પરિવાર હોય ત્યાં આવું બધું જ હોય, અને અંતે સ્ટાર પણ છે તો માનવી જ! એટલે એની માનસિકતા પણ આપણે ધારીએ એટલી ઊંચી ન પણ હોય. અત્યારે બોલીવુડમાં ત્રણ ફિલ્મોને લઈને ચર્ચાઓ ચાલી રહી છે, ભૂલભૂલૈયા ૩, સ્ત્રી ૨, બે હોરર અને સત્ય ઘટના પર આધારિત ધ સાબરમતી રિપોર્ટ. સાબરમતી રિપોર્ટ એ ૨૦૨૪ ની ભારતીય હિન્દી-ભાષાની રાજકીય ડ્રામા ફિલ્મ છે, જે અવિનાશ અને અર્જુન દ્વારા લખાયેલી અસીમ અરોરાની વાર્તાને ધીરજ શરણ દ્વારા નિર્દેશિત કરવામાં આવી હતી, આ ફિલ્મનું નિર્માણ બાલાજી મોશન પિક્ચર્સ અને વિકીર ફિલ્મ્સ પ્રોડક્શન દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું છે, અને તેનું બજેટ ૫૦ કરોડ છે. જોકે દર્શકો એ નબળો પ્રતિસાદ આપ્યો, અને બોક્સ ઓફિસ પર જોઈએ તેટલો ધસારો ન થયો, બાદમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અપીલ કરી, અને હવે તો કર મુક્ત પણ થયું છે, એટલે ધસારો શરું થયો છે. આ ફિલ્મ ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨નાં ગોધરા ટ્રેન સળગાવવાની ઘટના પર આધારિત છે, જેમાં સાબરમતી એક્સપ્રેસ ટ્રેન સામેલ છે. તેમાં વિક્રાંત મેસી, રાશી ખન્ના અને રિદ્ધિ ડોગરાની મુખ્ય ભૂમિકા છે.ધ સાબરમતી રિપોર્ટ ૧૫ નવેમ્બર ૨૦૨૪ ના રોજ રિલીઝ થઈ છે. અયોધ્યામાં રામ મંદિર નિર્માણ માટે મહ યજ્ઞનું કે ધર્મ સભાનું આયોજન થયું હતું, અને તેમાં રામજન્મભૂમિ કે રામમંદિર માટે ગુજરાતમાંથી ગયેલા કાર સેવકો ૨૭ ફેબ્રુઆરીએ પાછા આવી રહ્યા હતાં, ત્યારે ૫૯ જણાં આ હત્યા કાંડમાં માર્યા ગયા એનો અહેવાલ આ ફિલ્મનો મૂળ મુદ્દો છે. એ વખતે ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી હતાં અને મોદી પર ચૂંટણી જીત મુદે ઘણાં બધાં આક્ષેપો પણ થયા હતા! આજથી ૨૨ વર્ષ પહેલા ઘટેલી આ ઘટના આપણા સૌના સ્મરણમાં હશે, કારણ કે ગુજરાતમાં છાશવારે થતાં કોમી હુલ્લડો એ પછી થયા નથી! ગુજરાતીઓમાં ત્યારે જે ઝનૂન હતું એ કંઈક ઔર હતું! અને એમ કહી શકાય કે એણે કરારો જવાબ આપ્યો હતો! પણ સમજ્યા વગર એ આ ફિલ્મ જોયા પછી




ખબર પડશે. ફિલ્મમાં સમર સિંહ એટલે કે વિક્રાંત મેસી, અમૃતા ગીલ એટલે રાશિ ખન્ના અને મોનિકા રાજ પૂરોહિત એટલે રિદ્ધિ ડોગરા એ મુખ્ય ભૂમિકા નિભાવી છે. સમર સિંહ એક સીધોસાદો હિન્દી પત્રકાર છે! અને એને પોતાનાં જ દેશમાં હિન્દી કરતાં અંગ્રેજી પત્રકાર ને મળતા માનથી આશ્ચર્ય થતું હતું. એકંદરે જર્નાલિઝમ એક વ્યવસાય બની ગયો છે, અને જ્યાં પ્રજા સુધી સાચા સમચાર પહોંચતાં નથી. દરેક સમાચારને ચર્ચાનો વિષય કેમ બને? અને પોતાની ટીઆરપી કેમ વધે! એ પાર્ટી સાથે સમાચાર દબાવી દેવાનાં કે ઉછાળવાના રુપિયા કમાવા! આ બધું જોઈ દુઃખ પણ થતું હતું. એવામાં મોનિકા પુરોહિત એને સાબરમતી ટ્રેન દુર્ઘટના માટે સ્ટોરી કવર કરવા લઈ જાય છે, અને હકીકત જુદી હોવા છતાં એ ટ્રેનમાં ટિકિટ વગર મુસાફરી કરનાર લોકો એ કાંતો કુક સ્ટવ ચલાવ્યો, અને કાંતો સીગરેટ ફેંકી એને કારણે આ અકસ્માત થયો, અને એમાં ચોખ્ખી રેલ્વે સિક્યોરિટીની બેજવાબદારી દેખાય છે, એમ રિપોર્ટ આપ્યો અને આશ્ચર્યજનક રીતે એને પ્રમાણિત માનવામાં આવ્યું. હિન્દી પ્રત્રકાર સમર સિંહ એ આ વાતનો વિરોધ કર્યો તો એની પર કેમેરા ચોરીનો આરોપ મુકી જેલમાં મોકલી દીધો! પછી પત્રકાર ના જીવનની કરુણતા દેખાડે છે! આટલી મોત પર પોતે કંઈજ ન કરી શક્યાંનું દુઃખ એને વ્યસન તરફ દોરે છે. પછી પોતે ડબીંગને વ્યવસાય બનાવી જીવન વિતાવે છે, અને ત્યાં પાંચ વર્ષે અંગ્રેજી ચેનલ વાળાને નવી સરકાર પાસેથી રૂપિયા કમાવા માટે એ જ દુર્ઘટનાનો રિપોર્ટ કરવાનું થયું અને નવી પત્રકાર અમૃતા સમર ને મળે છે, અને બંને સાચી વાત સુધી પહોંચે છે કે! કે સવારના સાડા સાત વાગ્યે ટ્રેનમાં આટલી ભીડ શું કામ હતી! કુક સ્ટવ કે સિગારેટ થી આટલી મોટી આગ લાગે નહીં! આની પાછળ બહુ મોટું ષડયંત્ર રચાયું છે. ઘટના સ્થળે હાજર લોકોનાં બયાન પરથી સાચાં માસ્ટર માઈન્ડ સુધી પહોંચે છે! જેમાં હકીકત બહાર આવે છે કે ૨૦ ૨૦ લીટર પેટ્રોલના કેટલાય કેન ભરીને નક્કી કરેલી બોગી માં ઢોળવામાં આવે છે અને આગ લાગે છે. યાત્રીઓ બહાર નીકળવા માટે દોડાદોડી કરે છે એક બોગી માં છ ચાર મુખ્ય અને બે બીજી બોગીમાં જવાનું એમ છ એક્ઝીટ હોવા છતાં આ દુર્ઘટના ઘટે છે. એટલે કે કોઈએ બોગીના દ્વાર બહાર થી બંધ કરી દીધાં હતાં. સૌથી વધુ આશ્ચર્ય તો એ હતું કે જે ટોળાને ઉશ્કેરવામાં આવ્યું હતું, એ જાણતું જ નહોતું કે હકીકત શું છે! એક યુવતીને કોઈ ભગાડી ગયું એમ મઝહબ નાં નામ પર આખી ઘટનાને પ્રસારિત કરી દીધી. કે પછી ઉધારી વસુલવા માટેનો આ માર્ગ! ન યાત્રીઓ જાણી શક્યા કે આવું શું કામ! એનાં મનમાં તો એમ જ હતું કે રામ રાષ્ટ્ર માટે બલિદાન માંગે છે! અને સ્ટેશન પર હુમલો કરનારી ભીડ તો એ જાણતી જ નથી કે આ અયોધ્યાથી આવે છે! પ્રજા ક્યાં સુધી આમ પ્યાદું બની રહેશે? અંતે ૨૦૧૭ માં ફરી સમર સિંહ સાચો રિપોર્ટ કરે છે કે આ દુર્ઘટના માં ૨૩ પુરુષ ૧૬ મહિલા અને ૨૦ બાળકો માર્યો ગયા એની ઉંમર અને નામ સાથે જણાવ્યું! અને આમ ઈન્ડિયા નહીં પણ ભારત સામે સચ્ચાઈ આવી! ફરી ભાઈચારાની ભાવના વધી અને હમ હિન્દુસ્તાની.. ફિલ્મમાં ભોળી પ્રજાને હકીકતમાં શું થયું હતું? એ ખ્યાલ જ આવ્યો નહીં, એમ આ અકસ્માત ટ્રેન દુર્ઘટનામાં ખપાવી દીધી. ઓટીટી પરની વેબ સિરીઝ કે ફિલ્મમાં આ વાત ઘણીવાર દેખાડવા આવે છે. હમણાં કાર્તિક આર્યન અને મૃણાલ ઠાકોરની ફિલ્મ ધમાકા જે બિલકુલ આ રીતે ચેનલ વાળા કેવો બિઝનેસ કરે છે, એની પર જ છે. આમ જ ક્યારેક રાજકારણ તો ક્યારેક ચેનલોનાં એસક્યુઝિલવ સ્ટોરી માટે થઈને સાચાં સમાચારને તોડી મરોડીને પેશ કરવાનો ટ્રેન્ડ વધતો જાય છે. આપણે ત્યાં બીબીસી ન્યૂઝને પ્રમાણિત માનવામાં આવે છે, હકીકતે બીબીસી ન્યૂઝ એક અંગ્રેજી ચેનલ છે! જોકે ફિલ્મમાં વિક્રાંત કહે છે એમ વાંચકો અને દર્શકો સંવેદના હિન થતાં જાય છે, અને એટલે સમાચાર સાચાં છે કે ખોટાં, એમાં કોઈ પડતું નથી! પણ સત્ય હંમેશા બહાર આવે જ છે, હાં એને સમય લાગે છે! આ દેશની માટીમાં જ એવું કંઈક છે જેમાં ઈમાનદારી પણ વખતોવખત જન્મતી રહે છે, અને આખરે સત્ય સૌની સામે આવે છે! પણ અફસોસ એ વાતનો છે કે એમાં ભોળી જનતાનો ભાઈચારો બલિદાન આપે છે. પણ ક્યાં સુધી? જય હિન્દ.

**૧૯૬૬ થી ૨૦૧૯ સુધી સક્રિય રહેનાર હાસ્ય કલાકાર કોમેડિયન જુનીયર મહેમૂદનું અસલી નામ મોહમ્મદ નઈમ સૈયદ હતું**

# કોમેડી અને અનોખા અભિનયના પીઢ અભિનેતા જુનિયર મેહમૂદની પ્રથમ વાર્ષિક પૂણ્ય તિથિએ..., શ્રદ્ધા સુમન



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**અભિનેતા જુનિયર મેહમૂદ લાંબા સમયથી બીમાર હતા, લાંબી માંદગી ગત આઠમી ડીસેમ્બર ૨૦૨૩નાં રાત્રે બે વાગ્યે અભિનેતાનું અવસાન થયેલ જેને આજે એક વર્ષ પુરુ થયું, મૃત્યુ પહેલાં થોડા સમય પહેલા મીડિયામાં તેમની બીમારીનો ખુલાસો થયો હતો, જુનિયર મહમૂદ તેમના સમયના ખૂબ મોટા ચાઇલ્ડ એક્ટર હતા, તેમની ગણ ના તેમના સમયના પ્રખ્યાત કલા કારોમાં થતી હતી.**

આજે આપણે એવા કલાકારને શ્રદ્ધા સુમન અર્પણ કરવા છે કે જેને બાળ કલાકાર તરીકે દર્શકોને પેટ પકડીને હસાવ્યા હતા.ફિલ્મ જગતના કોમેડિયન મહેમુદ પછી નો કલાકાર એટલે જુનિયર મહેમુદ જેનો જન્મ મુંબઈમાં ૧૫મી નવેમ્બર-૧૯૫૬ થયો હતો. ૧૯૬૬ થી ૨૦૧૯ સુધી સક્રિય રહેનાર હાસ્ય કલાકાર કોમેડિયન જુનીયર મહેમૂદનું અસલી નામ મોહમ્મદ નઈમ સૈયદ હતું જેને હિન્દી ફિલ્મના પીઢ કોમેડિયન મહેમૂદ જ જુનીયર મહેમૂદનું નામ પડ્યું હતું.૨૫૦થી વધુ ફિલ્મોમાં અભિનય કરી લોકોને પેટ પકડીને હસાવનારા પીઢ અભિનેતા જુનિયર મેહમૂદનું પેટના કેન્સરથી નિધન થયું છે. તેમણે ૬૭ વર્ષની વયે અંતિમ શ્વાસ લીધા.તેઓ લાંબા સમયથી કેન્સરથી પીડિત હતા અને અંતે અભિનેતા જીવનની લડાઈ આઠમી ડિસેમ્બર ૨૦૨૩ના રોજ તેઓ હારી ગયા. જુનિયર મેહમૂદના મિત્ર સલામ કાઝીએ જુનિયર મેહમૂદના નિધનની પુષ્ટિ કરી.તેમણે જણાવ્યું કે પીઢ અભિનેતાએ આઠમી ડીસેમ્બર ૨૦૨૩ને ગુરુવારે અંતિમ શ્વાસ લીધો હતો. આ દુઃખદ સમાચાર સાંભળ્યા બાદ આખું બોલિવૂડ શોકમાં ગરકાવ છે. અભિનેતા જુનિયર મેહમૂદ લાંબા સમયથી બીમાર હતા. લાંબી માંદગી ગત આઠમી ડીસેમ્બર ૨૦૨૩નાં રાત્રે બે વાગ્યે અભિનેતાનું અવસાન થયેલ જેને આજે એક વર્ષ પુરુ થયું. મૃત્યુ પહેલાં થોડા સમય પહેલા મીડિયામાં તેમની બીમારીનો ખુલાસો થયો હતો. જુનિયર મહમૂદ તેમના સમયના ખૂબ મોટા ચાઈલ્ડ એક્ટર હતા. તેમની ગણના તેમના સમયના પ્રખ્યાત કલા કારોમાં થતી હતી. અગિયાર વર્ષની ઉંમરે ડેબ્યૂ;૨૫૦ થી વધારે ફિલ્મોમાં કામ કર્યું; ૬૭ વર્ષની ઉંમરે,તેઓ પેટના કેન્સરને કારણે તેમના જીવનની લડાઈ હારી ગયા અને દુનિયાને અલવિદા કહી દીધી, પરંતુ તેમની કોમેડી અને અનોખા અભિનય તેમને તેમના ચાહકોના હૃદયમાં હંમેશા જીવંત રાખશે.૨૫૦થી વધુ ફિલ્મોમાં કામ કરીને તેણે પોતાના અભિનયની જે છાપ છોડી છે તે સિનેમાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં કોતરાઈ રહેશે.૧૧ વર્ષની ઉંમરે તેની કારકિર્દી શરૂ કરીને,સાત ભાષા ઓમાં બનેલી ૨૫૦થી વધુ ફિલ્મો થી લઈને ટેલિવિઝન સિરિયલો સુધી, જો આપણે જુનિયરમેહમૂદ ની કારકિર્દી પર નજર કરીએ તો તે ખૂબ જ શાનદાર રહી છે. કારકિર્દી કેવી રીતે શરૂ થઈ તે વિશે અખબારી અહેવાલ અનુસાર, જુનિયર મેહમૂદ બોલિવૂડ ઈન્ડસ્ટ્રીના તે સ્ટાર્સમાં થી એક હતા, જેમની કોમેડિયન એક્ટર તરીકેની કારકિર્દી સ્ટારડમની ઊંચાઈ પર હતી. તેણે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીને પાંચ દાયકાથી વધુ સમય આપ્યો. જુનિયર મહમૂદે ૧૧ વર્ષની ઉંમરે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. તેમની પ્રથમ ફિલ્મ વર્ષ ૧૯૬૭માં બનેલી સંજીવકુમારની ફિલ્મ



નૌનિહાલ હતી, પરંતુ અભિનયની દુનિયામાં તેમનું ડેબ્યૂ ખૂબ જ રસપ્રદ હતું. જુનિયર મહેમૂદનો ભાઈ ફોટોગ્રાફી કરતો હતો. તે એક દિવસ તેની સાથે ફિલ્મનું શૂટિંગ જોવા ગયો હતો. બાળક તેના ડાયલોગ્સ ભૂલીરહ્યો હતો અને ડિરેક્ટરે રિટેક લેવા પડ્યા હતા.આ જોઈને જુનિયર મેહમૂદે કહ્યું કે તે એક પણ ડાયલોગ બોલી શકતા નથી, તું શું કરી રહ્યો છે?આ સાંભળીને દિગ્દર્શકે કહ્યું, તું બોલી શકે છે? બોલીને દેખાડ. સૌથી મોંઘા ચાઈલ્ડ આર્ટિસ્ટ હતા. મીડિયા રિપોર્ટનુસાર, ડાયરેક્ટરની આ વાત સાંભળીને જુનિયર મેહમૂદ ઉત્સાહિત થઈ ગયા અને કહ્યું કે હા, હું બોલી શકું છું અને તેણે તે ડાયલોગ એક જ વારમાં સંભળાવી દીધો. આ રીતે અભિ નેતાને તેની પ્રથમ ભૂમિકા મળી. આ પછી જુનિયર મહેમૂદે પાછું વળીને જોયું નથી.તેને અભિનય નો એટલો આનંદ આવવા લાગ્યો કે તે એક પછી એક ફિલ્મોમાં જોડાવા લાગ્યા. જુનિયર મેહમૂદને પ્રથમ રોલ માટે માત્ર પાંચ રૂપિયા ફી મળી હતી. અભિનયમાં તેમના કોમિક અંદાજને કારણે,તે એટલો પ્રખ્યાત થયો કે તે બોલિવૂડનો સૌથી મોંઘો બાળ કલાકાર બની ગયો અને તેણે એક ફિલ્મ માટે લગભગ એક લાખ રૂપિયા લેવાનું શરૂ કર્યું, જે તે સમયે સૌથી વધુ ફી હતી. આ સ્ટારડમના કારણે જુનિયર મહેમૂદે તે સમયની સૌથી મોંઘી કાર એમ્પાલા પણ ખરીદી હતી. અભિનેતા રાજેશ ખન્નાની ખૂબ નજીક રહયા અખબારી અહેવાલો અનુસાર જુનિયર મેહમૂદે એક્ટર રાજેશ ખન્ના સાથે સૌથી વધુ કામ કર્યુ છે. તેમણે અભિનેતા રાજકપૂર સિવાય લગભગ તમામ બોલિવૂડ કલાકારો સાથે સ્ક્રીન શેર કરી હતી. જો કે જુનિયર મેહમૂદનું અસલી નામ મોહમ્મદ નઈમ સૈયદ હતું, પરંતુ દુનિયા તેમને જુનિયર મેહમૂદ તરીકે ઓળખતી હતી અને આ નામ તેમને બોલિવૂડના પ્રખ્યાત કોમેડિયન મેહમૂદે આપ્યું હતું,કારણ કે તેઓ તેમની એક્ટિંગ અને અનોખી કોમિક સ્ટાઈલથી ખૂબ જ પ્રભાવિત થયા હતા.જુનિયર મહેમૂદ તેમની ખૂબ નજીક રહ્યો. તેઓ તેમને ભાઈજાન કહેતા હતા તે તેને પોતાનો આદર્શ માનતો હતો આજે બંને દિગ્ગજો આપણી વચ્ચે નથી રહ્યા, પરંતુ બંનેની કોમેડી તેમને હંમેશા જીવંત રાખશે અને છેલ્લે એક વાત સાઈઠ અને સીતેરના દાયકાના જાણીતા બાલ કલાકાર જુનિયર મેહમૂદનું નિધન થયું હતું. થોડા સમય પહેલા તેમની તબિયત બગડવાના સમાચાર સામે આવ્યા હતા,જે બાદ જુનિયર મહેમૂદના ચાહકો તેમના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરી રહ્યા હતા. પરંતુ, ડોકટરોએ પહેલેથી જ કહ્યું હતું કે તે ચાલીસ દિવસ થી વધુ જીવી નહીં શકે. બોમ્બે ટુ ગોવા, નતાત, બ્રહ્મચારી, ગુરુ ઔર ચેલા જેવી ફિલ્મોમાં કામ કરીને દર્શકોના દિલ જીતનાર જુનિયર મેહમૂદની ગણતરી તે જમાનાના લોકપ્રિય કલાકારોમાં થાય છે. જે લોકોએ તેની ફિલ્મો માં અભિનય જોયો છે તે આજે પણ તેને યાદ કરે છે.દરમિયાન,તાજેતરમાં જુનિયર મહમૂદ વિશે એક સમાચાર આવ્યા જેણે બધાને ચોંકાવી દીધા વાસ્તવમાં, જુનિયર મહમૂદ ચોથા સ્ટેજના પેટના કેન્સરથી પીડિત હતા અને તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં દાખલ જુનિયર મહેમૂદે બોલિવૂડના સુપરસ્ટારને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. આ સુપરસ્ટાર બીજું કોઈ નહીં પણ જીતેન્દ્ર હતા જેને પીઢ અભિનેતા તેના અંતિમ દિવસોમાં મળવા માંગતા હતા. જુનિયર મેહમૂદે તેના મિત્ર અને બોલિવૂડ અભિનેતા સચિન પિલગાંવકરને કહ્યું હતું કે તે સુપરસ્ટાર જીતેન્દ્રને મળવા માંગે છે.જે બાદ કેટલીક તસવીરો સામે આવી હતી,જેમાં સુપરસ્ટાર જીતેન્દ્ર હોસ્પિટલમાં જુનિયર મેહમૂદને મળતા જોવા મળ્યાહતા આ દરમિયાન જીતેન્દ્ર પણ ખૂબ જ ભાવુક દેખાયા હતા. ખાલિદ મોહમ્મદે ટ્વીટ કરીને માહિતી આપી હતી તેણે એ પણજણાવ્યું કે જુનિયર મેહમૂદે જીતેન્દ્રને મળવાની ઈચ્છા વ્યક્ત કરી છે. તેમણે તેમના બાળપણના મિત્ર સચિન પિલગાંવકરને તેમની ઈચ્છા વ્યક્ત કરી અને તેમને જીતેન્દ્ર સાહેબ સાથે પરિચય કરાવવા કહ્યું.સચિન પિલગાંવકરે આ ટ્વીટ પર પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે જીતેન્દ્ર જુનિયર મહેમૂદને મળવા હોસ્પિટલમાં ગયા હતા. આ પછી તુષાર કપૂરે પણ એક તસવીર શેર કરી,જેમાં જીતેન્દ્ર પીઢ અભિનેતા જુનિયર મેહમૂદને મળી રહ્યો છે. આ તસવીરમાં જીતેન્દ્ર સાથે જોની લીવર પણ જોવા મળી રહ્યો છે. હોસ્પિટલ પહોંચ્યા બાદ જીતેન્દ્ર એ જુનિયર મેહમૂદની છેલ્લી ઈચ્છા પૂરી કરી અને તે બાદ સમાચાર આવ્યા કે જુનિયર મેહમૂદ હવે આ દુનિયામાં નથી. વાચક ચાહક મિત્રો, સૌને જય માતાજી સુપ્રભાત સાચા કલાકારને કોઈ ધર્મ જાતિ ઉચ્ચ નીચ નાના મોટા ધોળા કાળા જેવો કોઈ ભેદ હોતો નથી કે રાખતા નથી આજે ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોત્રીસમા જ્ઞાન સત્રનું તા.૦૮/૧૨/૨૦૨૪ રવિવારે સમાપન થશે ત્યારે આ કલાકાર આપણી વચ્ચે નથી તેમની ચિર વિદાયને એક વર્ષ આજે પૂરું થયું આ કલાકારને પ્રથમ વાર્ષિક પૂણ્ય તિથિએ શ્રધ્ધા સુમન અર્પણ કરીએ. અસ્તુ..

# શ્રેયસ તલપડેએ મોઢામાં રૂ રાખી અલ્લુ અર્જુનનું ફિલ્મ પુષ્પાના કેરેક્ટર ડબ કર્યું

## અલ્લુ અર્જુનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પુષ્પા ૨ઃ ધ રૂલ' વિશ્વભરના સિનેમાઘરોમાં રીલિઝ થઈ ગઈ છે



અલ્લુ અર્જુનની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'પુષ્પા ૨ઃ ધ રૂલ' વિશ્વભરના સિનેમાઘરોમાં રીલિઝ થઈ ગઈ છે, જેણે પ્રથમ દિવસે સુંદર કમાણી કરીને બધાને ચોંકાવી દીધા હતા. આ ફિલ્મ ઘણી ભાષાઓમાં રિલીઝ થઈ છે અને હિન્દી ભાષામાં અલ્લુ અર્જુનને પોતાનો અવાજ આપનાર અભિનેતા શ્રેયસ તલપડે છે.શ્રેયસ તલપડે ડબ કરેલું અલ્લુ અર્જુન પુષ્પા કેરેક્ટરઃ આ વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાંની એક, અલ્લુ અર્જુન, રશ્મિકા મંદન્ના અને ફહદ ફાસીલની ફિલ્મ 'પુષ્પા ૨ઃ ધ રૂલ' ગુરુવાર, ૫ ડિસેમ્બરે વિશ્વભરના સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. ફિલ્મને દર્શકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ફિલ્મે રિલીઝ થયા બાદથી બોક્સ ઓફિસ પર દબદબો જમાવ્યો છે અને ઘણી સફળતા મેળવી છે. આ ફિલ્મે પહેલા દિવસની કમાણીના મામલે ઘણી ફિલ્મોને પછાડી દીધી છે.આ ફિલ્મ ઘણી ભાષાઓમાં રિલીઝ થઈ છે અને હિન્દી ભાષામાં અલ્લુ અર્જુનને પ પોતાનો અવાજ આપનાર અભિનેતા શ્રેયસ તલપડે છે. ફિલ્મના હિન્દી વર્ઝનમાં અલ્લુના



પાત્ર 'પુષ્પા રાજ' માટે શ્રેયસ તલપડેએ પોતાનો અવાજ આપ્યો છે. જો કે, અભિનેતાનું કહેવું છે કે તે હજુ સુધી અલ્લુને મળ્યો નથી. શ્રેયસે એ પણ જણાવ્યું કે ડબિંગ દરમિયાન તે ઘણીવાર મોઢામાં રૂ રાખતો હતો અને તેણે તેની પાછળનું કારણ પણ જણાવ્યું હતું. શ્રેયસે જણાવ્યું કે ફિલ્મમાં પુષ્પા રાજનું પાત્ર દારૂ, તમાકુનું સેવન કરે છે અને ક્યારેક ધૂમ્રપાન કરે છે. એટલા માટે તેણે ડબિંગ દરમિયાન મોઢામાં રૂ રાખ્યો હતો. વાત કરતી વખતે શ્રેયસે કહ્યું, 'હું આજ સુધી અલ્લુ અર્જુનને મળ્યો નથી અને તેની સાથે વાત પણ કરી નથી. તેથી જ મને તેમનો પ્રતિસાદ મળ્યો નથી. તેણે અલ્લુને તેનો અવાજ કેવી રીતે પસંદ કર્યો તે જાણવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. અગાઉના ભાગમાં, અલ્લુએ ડબિંગની પ્રશંસા કરી હતી અને શ્રેયસને આશા છે કે આ વખતે પણ એવું જ થશે.

### ફિલ્મ ૨૧ જાન્યુઆરી,૨૦૨૭ના રોજ રીલીઝ થશે

# છત્રપતિ શિવાજી મહારાજના રોલમાં દેખાશે 'કાંતારા'નો ઋષભ શેટ્ટી

એક્ટર-ફિલ્મમેકર ઋષભ શેટ્ટી મરાઠા યોદ્ધાની બાયોપિકમાં છત્રપતિ શિવાજી મહારાજનું પાત્ર ભજવશે. ઋષભે ફિલ્મનાં પહેલાં પોસ્ટર સાથે આ પ્રોજેક્ટની જાહેરાત કરી હતી. 'છત્રપ તિ શિવાજી મહારાજ' ૨૧ જાન્યુઆરી,૨૦૨૭ના રોજ રીલિઝ થશે જેના ડિરેક્ટર સંદીપ સિંઘ છે. ફિલ્મનાં પહેલાં પોસ્ટરમાં ઋષભ ૧૭મી સદીના સમ્રાટ તરીકે જોવા મળે છે. ઋષભે સોશિયલ મીડિયા પર પોસ્ટર શેર કરતાં લખ્યું હતું, ''આ ફક્ત એક ફિલ્મ નથી, તમામ અવરોધો સામે લડનાર,શકિતશાળી મુઘલ સામ્રાજ્યની શક્તિને પડકારનાર અને ક્યારેય ભૂલી ન શકાય એવો વારસો આપનારા યોદ્ધાને સન્માન આપવા માટેનો પોકાર છે.'' આ ફિલ્મ સંદીપ સિંઘની



ડિરેક્ટર તરીકેની પહેલી ફિલ્મ હશે. તેમણે અગાઉ 'અલીગઢ', 'ઝુંડ', 'પીએમ નરેન્દ્ર મોદી' અને 'સ્વાતંર્ત્ય વીર સાવરકર' જેવી પ્રખ્યાત હિન્દી ફિલ્મો પ્રોડ્યુસ કરી છે. ડિરેક્ટર પ્રશાંત વર્માની 'હનુ-મેન'(૨૦૨૩)ની સિક્વલ 'જય હનુમાન'માં પણ ઋષભ મુખ્ય ભૂમિકા ભજવશે. આ માત્ર ફિલ્મ નથી, પરંતુ મુઘલ સામ્રાજ્યને શક્તિને પડકારનારા યોદ્ધાને સન્માન આપવા માટેનો પોકાર છેઃ ઋષભ મૈત્રી મૂવિ મેકર્સદ્વારા પ્રોડ્યુસ કરવામાં આવેલી આ ફિલ્મ ટૂંક સમયમાં થિયેટરમાં જોવા મળશે. ઋષભ 'કંતારાઃ ચેપ્ટર ૧'ફિલ્મમાં જોવા મળશે જેસુપર હિટ 'કંતારા' ફિલ્મની પ્રિક્વલ હશે. આ ફિલ્મ ૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ વર્લ્ડવાઇડ રિલીઝ થશે.

### સિંઘમ ફરીથી પાછળ રહી ગઈ

# રૂહ બાબાનો જાદુ હવે ઓટીટી પર છવાશે

કાર્તિક આર્યનની ફિલ્મ ભુલ ભુલૈયા ૩ સિનેમાઘરોમાં આવી ગયાને એક મહિનાથી વધુ સમય થઈ ગયો છે અને તે હજુ પણ બોક્સ ઓફિસ પર ટકી રહી છે. રૂહ બાબાનો જાદુ હવે ઓટીટી પર જોવા મળશે, ભૂલ ભૂલૈયા ૩ માં કાર્તિક આર્યન સાથે તૃપ્તિ ડિમરી, વિદ્યા બાલન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા જોવા મળે છે તે આ દિવસોમાં રિલીઝ થઈ રહી છેકાર્તિક આર્યન દિવાળીના અવસર પર હોરર-કોમેડી ફિલ્મ ભુલ ભુલૈયા ૩ લઈને આવ્યો હતો. આ ફ્રેન્ચાઈઝીની આ ત્રીજી ફિલ્મ છે અને ત્રણેયએ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી છે. ભૂલ ભુલૈયા ૩ હજુ સિનેમાઘરોમાં છે. ખાસ વાત એ છે કે તેની સાથે અજય દેવગનની સિંઘમ અગેઈન પણ રિલીઝ થઈ હતી. કાર્તિક આર્યન સિંઘમ અગેઈનને પાછળ છોડી ગયો છે અને ૨૫૦ કરોડની ક્લબમાં પણ સામેલ થઈ ગયો છે. એક મહિના સુધી સિનેમાઘરોમાં ધમાલ મચાવ્યા બાદ આ ફિલ્મ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થવા માટે તૈયાર છે. ભૂલ ભૂલૈયા ૩ માં કાર્તિક આર્યન સાથે તૃપ્તિ ડિમરી, વિદ્યા બાલન મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા જોવા મળે છે, જ્યારે માધુરી દીક્ષિત ફિલ્મમાં એક કેમિયો છે. આ ફિલ્મમાં દરેક વ્યક્તિએ પોતાના અભિનયથી ચાહકોને પ્રભાવિત કર્યા છે. દરેક વ્યક્તિ તેની એક્ટિંગના વખાણ કરવાનું બંધ નથી કરી રહી.ભૂલ ભૂલૈયા ૩ ની ઓટીટી રિલીઝ



વિશે વાત કરીએ તો, આ ફિલ્મ નેટફિલક્સ પર રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ નેટફિલક્સ પર ૨૭મી ડિસેમ્બરે રિલીઝ થવા જઈ રહી છે. થિયેટરો પછી, લોકો ઓટીટી પ્લેટફોર્મ પર આ ફિલ્મની રિલીઝની રાહ જોઈ રહ્યા છે. આ ફિલ્મ નવા વર્ષના અવસર પર ચાહકોને ખુશખબર આપી રહી છે. આ નવું વર્ષ અદ્ભુત બનાવવા જઈ રહ્યું છે.સિંઘમ અગેઈન પણ ભુલ ભુલૈયા ૩ સાથે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. લોકોને લાગતું હતું કે અજય દેવગનની ફિલ્મ કાર્તિકને પાછળ છોડી દેશે, પરંતુ એવું ન થયું, તેના બદલે કાર્તિકે શાનદાર કલેક્શન કરીને બધાના હોશ ઉડાવી દીધા છે.

### પ્રિયંકા ચોપરાએ ૨૫ વર્ષના સંભારણા રજૂ કર્યા

# ફિલ્મ બનાવવાની પ્રક્રિયા સરખી જ હોય

## હું એવી છું કે મારા જીવનના સિદ્ધાંતો, ચાલતાં રહેવું અને આગળ વધતાં રહેવું છે

પ્રિયંકા ચોપરાએ વર્ષ ૨૦૦૦માં મિસ ઈન્ડિયા કોન્ટેસ્ટમાં ભાગ લીધો હતો. ત્યારે હવે વર્ષ ૨૦૨૫ નજીક આવી રહ્યું છે, તો પ્રિયંકા પણ ઈન્ડસ્ટ્રીમાં ૨૫ વર્ષ પૂરાં કરી રહી છે. હાલ તે 'સિટાડેલ' માટે કામ કરી રહી છે. ત્યારે એક ઈન્ટરવ્યૂમાં તેણે જણાવ્યું,''છેલ્લાં કેટલાંક દિવસોથી હું અતિશય કામમાં અને શૂટિંગમાં વ્યસ્ત હતી. હવે આ વર્ષ પૂરું થવા આવ્યું છે અને સિટાડેલનું શૂટિંગ પૂરું થઈ ચૂક્યું છે.'' ૪૨ વર્ષની પ્રિયંકાએ આજે વિશ્વ કક્ષાએ પોતાનું સ્થાન બનાવી લીધું છે. બે દેશોની અલગ સંસ્કૃતિઓ વચ્ચે તાલમેલ જાળવવો સહેલો નહોતો. પ્રિયંકા કહે છે, ''હું મારી જાતને સદનસીબ માનું છું કે મારા માટે યુએસમાં કામ કરવું બિલકુલ નવું નહોતું. હું ટીનેજ હતી, ત્યારે ત્યાંની સ્કૂલમાં ભણી છું, તેનાથી ઘણી મદદ મળી. ઈન્ડસ્ટ્રી ભલે અલગ હોય પણ ફિલ્મ બનાવવાની પ્રક્રિયા તો બધે સરખી જ હોય છે. જીવનશૈલી અને કલ્ચર અલગ હોવાથી થોડો તફાવત રહે છે,




બાકી કામ, કેમેરા અને શોટ બધું સરખું જ હોય છે. હું ભારતમાં રહીને હોલિવૂડ જેવા કામની અપેક્ષા ન રાખી શકું. એ જ રીતે હોલિવૂડમાં બોલિવૂડ જેવું કામ થઈ શકે નહીં. પાણી જેવા બનો, જડ નહીં. હું મારી આખી જિંદગી એવી રીતે રહી છું. શાંતિ રાખો, સાંભળો અને તમારું સ્થાન બનાવો. મને મારી જાતે જ બધું શીખવા માટે ધકેલી દેવાઈ હતી.''પ્રિયંકાએ આગળ કહ્યું,''હું એવી છું કે મારા જીવનના સિદ્ધાંતો, ચાલતાં રહેવું અને આગળ વધતાં રહેવું છે. હું મહત્વાકાંક્ષાઓ પાછળ ભાગતી નહોતી, હું હંમેશા કહું છું કે દરેકના સપના મોટા હોવા જોઈએ, બસ આગળ વધતાં રહો અને સાકાર કરતાં રહો.''પ્રિયંકાએ પોતાની ૨૫ વર્ષની સફર માટે ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ પણ લખી હતી. હોલિવૂડમાં પોતાનું સ્થાન બનાવવામાં આવેલાં પડકારો અંગે પ્રિયંકાએ કહ્યું,''હું મારી અડધી જિંદગી જાહેર જીવનમાં રહી છું, ૨૫ વર્ષથી પણ વધુ સમયથી. વ્યક્તિગત રીતે હું એક બહુ અંગત વ્યક્તિ છું. તેથી લોકોની અપેક્ષાઓ અને પ્રેશર સાથે કામ લેવું અઘરું છે. હું આ વર્ષોમાં ઘણી બદલાઈ છું. પરિવર્તન અને નિષ્ફળતા સાથે કામ લેતાં આવડી ગયું છે.

### આગામી ફિલ્મમાં લક્ષ્મણનું પાત્ર ભજવે તેવી અફવા છે

# 'રામાયણ'માં લક્ષ્મણનો રોલ ભજવશે રવિ દુબે

નિતેશ તિવારીની રામાયણમાં રવિ દુબે લક્ષ્મણનું પાત્ર ભજવી રહ્યા હોવાની અફવાઓ ફેલાઈ રહી છે. હવે અભિનેતાએ પોતે આ વિશે જણાવ્યું છે અને સત્ય કહ્યું છે. નિતેશ તિવારીની 'રામાયણ' બોલિવૂડની સૌથી વધુ રાહ જોવાતી ફિલ્મોમાંની એક છે. આ પૌરાણિક ફિલ્મમાં રણબીર કપૂર અને સાઈ પલ્લવીએ મુખ્ય ભૂમિકા ભજવી છે. ટીવી સ્ટાર રવિ દુબે આગામી ફિલ્મમાં લક્ષ્મણનું પાત્ર ભજવે તેવી અફવા છે. આવી સ્થિતિમાં રવિએ હવે આ અંગે મૌન તોડ્યું છે.રવિ દુબેએ ટીવી શો જમાઈ રાજા અને સાસ બિના સસુરાલથી ઘણી લોકપ્રિયતા મેળવી હતી. તાજેતરના ઈન્ટરવ્યુ દરમિયાન, રવિ દુબેએ કબૂલ્યું કે તે ખરેખર આ પ્રોજેક્ટ કરી રહ્યો છે અને કહ્યું, ''મારા નિર્માતાઓની પરવાનગીથી, હા, હું તે કરી રહ્યો છું. મને લાગ્યું કે આ પ્રોજેક્ટમાં ચોક્કસ પવિત્રતા હશે અને હું લાગે છે કે નમિત સરની કોઈ યોજના હશે કે તેઓ આ વિશે કેવી રીતે વાત કરવા માંગે છે, જો હું લોકો સામે કોઈ બકવાસ બોલીશ તો હું





ભ્રષ્ટ થઈ જઈશ. 'ના' કહેવું ખૂબ જ અસ્વચ્છ હશે તેથી મેં તેની પરવાનગી લીધી અને મેં તેને કહ્યું કે જો આ પ્રશ્ન થાય તો મારે શું કહેવું જોઈએ, જ્યારે તેણે હા કહ્યું તો હું હા કહું છું.રણબીર કપૂર સાથે કામ કરવા અંગે રવિએ કહ્યું કે રણબીર કપૂર જેવા 'મેગાસ્ટાર' સાથે કામ કરવાનો આ પહેલો પ્રસંગ છે. તેના ગુણોની પ્રશંસા કરતા રવિએ કહ્યું, ''તેની દયા, સહાનુભૂતિ, મૌન અને દરેક પ્રત્યેની કૃપા ઉત્તમ છે. તે ખૂબ જ મહેનત કરી રહ્યો છે પરંતુ તે સેટ પર એવો ઢોંગ નહીં કરે કે હું આવો છું. જ્યારે પણ તે સેટ પર હોય છે. કેમેરાની સામે, તમે જોશો કે તે આ પેઢીના એકમાત્ર વ્યાવસાયિક કલાકાર છે જેને હું મળ્યો છું અને હું તેને મારા મોટા ભાઈની જેમ માનું છું અને પ્રેમ કરું છું.

# 'ભાગમ ભાગ ૨'માંથી ગોવિંદાની બાદબાકી

## 'ભાગમ ભાગ' ઉપરાંત 'પાર્ટનર'ની સીક્વલ બનતી હોવાનું કહેવાય છે, પણ કોઈએ મારો સંપર્ક કર્યો જ નથી

અક્ષય કુમાર, ગોવિંદા અને પરેશ રાવલની 'ભાગમ ભાગ' આજકાલ ફરી ચર્ચામાં છે. મેકર્સ આ ફિલ્મની સિક્વલ બનાવવાનું આયોજન કરી રહ્યાં છે તેવી ચર્ચા છે. પ્રોડ્યુસર્સે આ ખબરને કન્ફર્મ કરી છે.જો કે, હમણાં જ ગોવિંદાએ આ અંગેની અપડેટ આપતા તેને ફિલ્મ માટે કોઈએ પણ સંપર્ક કર્યો નથી તેમ કહ્યું હતું. 'ભાગમ ભાગ' ઉપરાંત 'પાર્ટનર'ની સીક્વલ બનતી હોવાનું કહેવાય છે, પણ કોઈએ મારો સંપર્ક કર્યો નથી. ગોવિંદાને કોમેડી સિક્વલ 'ભાગમ ભાગ ૨'માં કાસ્ટ કરવામાં આવ્યો નથી. ત્યારે એક ઈન્ટરવ્યૂમાં ગોવિંદાએ કહ્યું, ''મારો'ભાગમ ભાગ ૨' માટે કોઈએ વાત કે તે અંગે ચર્ચા કરવા સંપર્ક કર્યો નથી. 'પાર્ટનર'ની પણ સિક્વલ બનાવવા અંગે ચાલે છે.'' ફિલ્મનું શૂટિંગ ૨૦૨૫માં શરૂ થવાની ચર્ચા ચાલી રહી છે, જો કે તે બાબતની અન્ય કોઈ માહિતી શેર કરવામાં આવી નથી.કેટલાંક અહેવાલો અનુસાર,




તાજેતરમાં જ રોરિંગ રિવર પ્રોડક્શનનાં સરિતા અશ્વિન વર્દે દ્વારા શેમારૂ એન્ટરટેઈનમેન્ટ પાસેથી સિક્વલના રાઈટ્સ લેવામાં આવ્યા હતા, જેઓ સાથે સાથે ફિલ્મની સ્ક્રિપ્ટ પર પણ કામ કરી રહ્યાં છે. શેમારૂની સાથે મળીને સરિતા આ ફિલ્મને પ્રોડ્યુસ કરશે. ફિલ્મ સાથે સંકળાયેલા સૂત્રોના કહેવા અનુસાર, સરિતા માને છે કે સિક્વલની ડિઝાઈન તૈયાર કરવામાં ઘણો સમય થયો પણ હવે તે જલ્દી જ દર્શકોને જોવા મળશે. કારણ કે'ભાગમ ભાગ' જેવી ફિલ્મની સિક્વલ ખાસ અને જોરદાર હોવી જોઈએ.

# ધમકીઓ વચ્ચે સલમાન દુબઈ કેમ ગયો?

## સલમાને સ્માઈલ આપી અને કેમેરા સામે પોઝ આપ્યો અને ઝડપથી નીકળી ગયો હતો

સતત ધમકીઓ વચ્ચે સલમાન ખાન ૬ ડિસેમ્બર, શુક્રવારની સવારે ફ્લાઈટ દ્વારા મુંબઈથી દુબઈ જવા રવાના થયો છે. તે વહેલી સવારે મુંબઈ એરપોર્ટ પર કડક સુરક્ષા વચ્ચે જોવા મળ્યા હતો. બોડીગાર્ડ શેરા અને બાબા સિદ્દીકીના પુત્ર જીશાન સિદ્દીકી પણ સાથે જોવા મળ્યા હતા. સલમાને સ્માઈલ આપી અને કેમેરા સામે પોઝ આપ્યો અને ઝડપથી નીકળી ગયો હતો. બ્લેક શર્ટ અને બ્લુ ટ્રાઉઝર પહેરેલા સલમાને કેપ પહેરી હતી.અહેવાલો અનુસાર, સલમાન ખાન તેની એક ઈવેન્ટને કારણે દુબઈ જવા રવાના થયો છે. તે ૭ ડિસેમ્બરે દુબઈમાં અદા-બેંગ ધ ટૂરમાં પરફોર્મ કરશે. આ જ કારણ છે કે તે અચાનક દુબઈ જઈ રહ્યો છે. સલમાન ખાનને ઘણા સમયથી ધમકીઓ મળી રહી છે. તેમ છતાં તે પોતાના કાર્ય પ્રતિબદ્ધતાથી પાછળ હટ્યો નથી.સલમાન શુક્રવારે 'વીકેન્ડ કા વાર'નું શૂટિંગ કરવાનો હતો, પરંતુ તે પહેલા જ તે મુંબઈની બહાર નીકળી ગયો છે. અહેવાલો છે કે કોરિયોગ્રાફર અને ડિરેક્ટર ફરાહ ખાન તેની જગ્યાએ 'વીકેન્ડ કા વાર' હોસ્ટ કરશે. અગાઉ પણ ફરાહ સલમાનની



ગેરહાજરીમાં 'બિગ બોસ'ની જવાબદારી સંભાળી ચૂકી છે.ગઈકાલે બાબા સિદ્દીકી હત્યા કેસમાં ખુલાસો થયો હતો કે, આરોપીએ પૂછપરછ દરમિયાન પોલીસને જણાવ્યું કે, સલમાન ખાનનું નામ ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના હિટલિસ્ટમાં હતું. પરંતુ સલમાનની કડક સુરક્ષાને કારણે શૂટર સલમાન સુધી પહોંચી શક્યા નહોતા. સલમાનને સતત મળી રહેલી ધમકીઓને કારણે તેને સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો હતો. તે તેમની વિરુદ્ધ ગઈ હતી. મને લાગે છે કે બાબિલ એ જ વસ્તુમાંથી પસાર થઈ રહ્યો છે. મને આશા છે કે તે આમાંથી જલ્દી સ્વસ્થ થઈ જશે.

# અભિનેત્રી કીર્તિ સુરેશના લગ્નનું કાર્ડ લીક

## આ વાતનો ખુલાસો તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને કર્યો છે

કીર્તિ સુરેશ તેના લાંબા સમયથી બોયફ્રેન્ડ એન્ટની થટીલ સાથે લગ્ન કરવા જઈ રહી છે. તેમના લગ્નનું કાર્ડ સામે આવ્યું છે જેમાં તેમના લગ્નની તારીખ જાહેર કરવામાં આવી છે.આ યુગલ ૧૨મી ડિસેમ્બર ૨૦૨૪ના રોજ લગ્ન કરશે.કીર્તિ સુરેશ વેડિંગ કાર્ડઃ દક્ષિણ અભિનેત્રી કીર્તિ સુરેશ આ વર્ષે લગ્ન કરવા માટે તૈયાર છે. અભિનેત્રી તેના લાંબા સમયના બોયફ્રેન્ડ એન્ટની થટીલ સાથે લગ્ન કરવા જઈ રહી છે. હાલમાં જ પાપારાઝી સાથે વાત કરતી વખતે કીર્તિએ પ તે આ વાતનો ખુલાસો કર્યો હતો. જોકે અભિનેત્રીએ લગ્નની તારીખ જાહેર કરી નથી. હવે કીર્તિના લગ્નનું કાર્ડ બહાર આવ્યું છે.કીર્તિ સુરેશ અને એન્ટની થટ્ટિલના લગ્નનું કાર્ડ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. સફેદ પૃષ્ઠભૂમિવાળા આ ફ્લોરલ પ્રિન્ટેડ કાર્ડ પર કીર્તિ અને એન્ટોનીના નામ લખેલા છે. કાર્ડ મુજબ, કપલ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ ના રોજ લગ્ન કરશે. લગ્નના કાર્ડ પર એક સુંદર ચિઠ્ઠી પણ લખેલી છે.કીર્તિના લગ્નના કાર્ડ પર લખ્યું છે - 'અમે તમને જણાવતા ખૂબ જ ખુશ છીએ કે અમારી પુત્રીના લગ્ન ૧૨મી ડિસેમ્બરના રોજ એક આત્મીય સમારોહમાં થઈ રહ્યા છે. અમે તમારા આશીર્વાદની ખૂબ પ્રશંસા કરીએ છીએકીર્તિ સુરેશ ૧૫ વર્ષથી એન્ટોની થટીલ



સાથે છે. આ વાતનો ખુલાસો તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરીને કર્યો છે. અભિનેત્રીએ એન્ટની સાથેનો રોમેન્ટિક ફોટો શેર કર્યો અને લખ્યું- 'વધુ ૫ વર્ષ ગણી રહ્યાં છીએ. તે હંમેશા ત્યાં રહ્યો છે.

### વિકેટ લેવામાં બુમરાહ-સિરાજે રંગ રાખ્યો

# ઓસ્ટ્રેલિયાની ટીમ ૩૩૭ રન બનાવીને ઓલઆઉટ

## આ મેચમાં ટ્રેવિસ હેડે તેની આઠમી ટેસ્ટ સદી ફટકારી હતી : ભારત સામે આ તેની બીજી ટેસ્ટ સદી હતી

। (એજન્સી) એડિલેડ, તા.૭ ।

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની બીજી મેચ એડિલેડમાં ૬ ડિસેમ્બરથી શરૂ થઈ હતી. આજે (૭મી ડિસેમ્બર) મેચનો બીજો દિવસ છે.



ભારતીય ટીમ આ ગુલાબી બોલ ટેસ્ટના પ્રથમ દાવમાં ૧૮૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. જ્યારે ઓસ્ટ્રેલિયાની ટીમ ૩૩૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. આ રીતે તેને ૧૫૭ રનની લીડ મળી છે.

આ મેચમાં ટ્રેવિસ હેડે તેની આઠમી ટેસ્ટ સદી (૧૪૦ રન) ફટકારી હતી. ભારત સામે આ તેની બીજી ટેસ્ટ સદી હતી. ભારતના ૧૮૦ રનના જવાબમાં પિંક બોલ ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાએ સારી શરૂઆત કરી હતી. જસપ્રીત બુમરાહે ટીમ ઈન્ડિયાને પ્રથમ સફળતા અપાવી. ઉસ્માન ખ્વાજા ૧૩ રન બનાવીને આઉટ થયો હતો. તે ભારતીય કેપ્ટન રોહિત શર્માના હાથે સ્લિપમાં કેચ આઉટ થયો હતો. ઓસ્ટ્રેલિયાની પહેલી વિકેટ ૨૪ રનના સ્કોર પર પડી હતી.

સ્ટાર્કે ભારતની પ્રથમ ઈનિંગમાં ૬ વિકેટ ઝડપી હતી. ભારત તરફથી નીતિશ રેડ્ડીએ સૌથી વધુ ૪૨ રનની ઈનિંગ રમી હતી. જ્યારે ઓસ્ટ્રેલિયા તરફથી મિચેલ સ્ટાર્ક સૌથી સફળ બોલર રહ્યો હતો. તેણે ૬ વિકેટ લીધી હતી. જ્યારે સ્કોટ બોલેન્ડ અને કેપ્ટન પેટ કમિન્સને ૨-૨ વિકેટ મળી હતી. નીતીશ રેડ્ડી સિવાય કેએલ રાહુલ (૩૭), શુભમન ગિલ (૩૧) અને રવિચંદ્રન અશ્વિન (૨૨)એ પણ બેટથી શાનદાર યોગદાન આપ્યું હતું. વિરાટ કોહલી (૭) અને રોહિત શર્મા (૩) ફ્લોપ રહ્યા હતા.

મેચના બીજા દિવસે (૭ ડિસેમ્બર) જસપ્રીત બુમરાહે ભારતને બીજી સફળતા અપાવી. બુમરાહે નાથન મેકસ્વીનીને પંત (૩૯) રન પર કેચ આઉટ કરાવ્યો હતો. આ પછી ઓસ્ટ્રેલિયાના સ્કોરકાર્ડમાં માત્ર ૧૨ વધુ રન જોડાયા હતા અને સ્ટીવ સ્મિથ પણ બુમરાહની નેટમાં ફસાઈ ગયો હતો અને પંતના હાથે કેચ થયો હતો. સ્મિથના આઉટ થયા પછી, ટ્રેવિસ હેડ અને માર્નસ લાબુશેને દાવને આગળ ધપાવ્યો અને સ્કોર ૧૬૮ સુધી લઈ ગયો, પરંતુ લાબુશેન (૬૪) નીતીશ રેડ્ડીના બોલ પર યશસ્વી જયસ્વાલના હાથે કેચ આઉટ થયો. મિશેલ માર્શ (૯) રન બનાવીને અશ્વિનના બોલ પર રિષભ પંતના હાથે કેચ આઉટ થયો હતો. જસપ્રિત બુમરાહ અને મોહમ્મદ સિરાજને ચાર-ચાર સફળતા મળી, જ્યારે નીતિશ રેડ્ડી અને રવિચંદ્રન અશ્વિનને એક-એક સફળતા મળી.

### સિરાજની હેડ સાથે બબાલ । ઓસ્ટ્રેલિયામાં ટીમ ઈન્ડિયાનો આક્રમક અંદાજ જોવા મળ્યો

# કોહલીએ લોકોને ચૂપ રહેવાનો ઈશારો કર્યો

। (એજન્સી) એડિલેડ, તા.૭ ।



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે એડિલેડના ઓવલમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટના બીજા દિવસે ભારતીય ટીમ આક્રમક અંદાજમાં જોવા મળી હતી. અને આ દમિયાન મેદાન પર બે રસપ્રદ ઘટનાઓ જોવા મળી હતી. જેમાં ફરી એકવાર ભારતના સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલીની જૂની આક્રમકતા જોવા મળી. બીજા દિવસની રમતમાં જ્યારે માર્નસ લાબુશેન અને ટ્રેવિસ હેડ મોટી ભાગીદારી તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે સ્ટેડિયમમાં બેઠેલા ઓસ્ટ્રેલિયન પ્રેક્ષકોએ હૂટિંગ કરવાનું શરુ કરી દીધું હતું. દર્શકો આ જોડીને સમર્થન આપી ભારતીય ટીમ સામે દબાણ બનાવી રહ્યા હતા. તો બીજી તરફ ટ્રેવિસ હેડે શાનદાર પ્રદર્શન કરી ૧૪૧ બોલમાં ૧૪૦ રનની ઈનિંગ રમી હતી. તેની વિકેટ મોહમ્મદ સિરાજે લીધી હતી.

જો કે, સિરાજે તેને આઉટ કરતાં બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સિરાજે હેડને પેવેલિયન તરફ જવાનો ઈશારો કર્યો હતો. હકીકતમાં બીજા દિવસની રમતમાં પોતાની બીજી ઓવરમાં રેડ્ડીએ ૬૪ રન પર લાબુશેનને આઉટ કરી દીધો હતો. લાબુશેને રેડ્ડીના બોલ પર જોરદાર કટ લગાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ યશસ્વી જયસ્વાલે લાબુશેનનો કેચ પકડી લીધો હતો. ત્યારે લાબુશેનને પેવેલિયનમાં પરત ફરતા જોઈને કમિન્સ સહિત સમગ્ર ઑસ્ટ્રેલિયન ટીમ નિરાશ દેખાઈ હતી. તે સમયે કોહલી સ્લિપમાં ફિલ્ડિંગ કરી રહ્યો હતો, અને તે ઉજવણી કરવા જયસ્વાલ તરફ દોડ્યો હતો. ત્યારે તે અચાનક પ્રેક્ષકો તરફ વળ્યો અને મોં પર આંગળી રાખીને શાંત રહેવાનો ઈશારો કર્યો હતો. હવે તેનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યો છે. તો બીજી ઘટનામાં ભારત માટે મુશ્કેલી બનેલા ટ્રેવિસ હેડને લઈને છે. જ્યારે હેડ બેટિંગ કરવા આવ્યો ત્યારે ઓસ્ટ્રેલિયાને લીડ મળી ન હતી. અને મેચ પર ભારતનો કબજો હતો. અહીંથી હેડે ડે-નાઈટ ટેસ્ટમાં ૧૧૧ બોલમાં સૌથી ઝડપી સદીનો રેકોર્ડ બનાવ્યો હતો. સદી ફટકાર્યા બાદ હેડ વધુ આક્રમક મૂડમાં જોવા મળ્યો હતો. તેણે ખુલ્લેઆમ મોટા શોટ રમવાનું શરુ કરી દીધું હતું. એવું લાગી રહ્યું હતું કે ભારતીય બોલરો પાસે તેની બેટિંગનો કોઈ જવાબ નથી.

જો કે, નવો બોલ આવતાની સાથે જ કેપ્ટન રોહિત શર્માએ ઝડપી બોલરોને બોલિંગ કરવા આપી હતી. જેમાં સિરાજે એક શાનદાર યોર્કર નાખીને હેડની વિકેટ ઝડપી લીધી હતી. આ પછી સિરાજે આક્રમક રીતે ઉજવણી કરવાનું શરૂ કર્યું. અને હેડને કદાચ તે ગમ્યું હતું નહીં. હેડે સિરાજને કંઈક શબ્દો કહ્યા હતા અને તેના જવાબમાં સિરાજે તેને બહાર જવાનો ઈશારો કર્યો હતો. ભારતીય ટીમ પાંચ મેચોની સીરિઝમાં ૧-૦થી આગળ છે. ભારતે પર્થ ટેસ્ટ ૨૯૫ રને જીતી લીધી હતી. પરંતુ એડિલેડમાં ઓસ્ટ્રેલિયાનો દબદબો જોવા મળી રહ્યો છે. સીરિઝની બીજી ટેસ્ટમાં ભારત પહેલી ઈનિંગમાં ૧૮૦ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. સામે ઓસ્ટ્રેલીયાની ટીમે પહેલી ઈનિંગમાં ૩૩૭ના સ્કોર પર ઓલ આઉટ થઈ ગઈ હતી. ત્યાર પછી બીજી ઈનિંગ રમવા આવેલી ભારતીય ટીમે અત્યાર સુધીમાં ૧૦૫ના સ્કોર સાથે ૪ વિકેટ ગુમાવી દીધી હતી.

### માહિતી આપનારને અપાશે ૪૨ કરોડનું ઈનામ

# મહિલા હજારો કરોડ રૂપિયાની ક્રિપ્ટોકરન્સી લઈને ગાયબ થઈ

## રૂજા ઇગ્નાટોવા નામની મહિલા વિશ્વની મોસ્ટ વોન્ટેડ ગુનેગાર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ક્રિપ્ટોકરન્સી ફરી એકવાર ચર્ચામાં છે. બિટકોઈન સહિતની ક્રિપ્ટોકરન્સીના ભાવ રોકેટની સ્પીડે વધી રહ્યા છે. આ વચ્ચે એક મહિલા ફરીથી ચર્ચામાં આવી ગઈ છે. આ મહિલાનું નામ રૂજા ઈગ્નાટોવા છે. આ મહિલા હજારો કરોડ રૂપિયાની ક્રિપ્ટોકરન્સી લઈને ગાયબ થઈ ગઈ છે. આ મહિલાની માહિતી આપનારને ૪૨ કરોડ રૂપિયાનું ઈનામ પણ આપવામાં આવશે. અમેરિકન પોલીસ આ મહિલાની માહિતી આપનારને ૪૨ કરોડ રૂપિયાનું ઈનામ આપશે.

બલ્ગેરિયામાં જન્મેલી રૂજા ઈગ્નાટોવા નામની મહિલા વિશ્વની મોસ્ટ વોન્ટેડ ગુનેગાર છે. ૪૪ વર્ષની રૂજા પર ૪.૫ બિલિયન ડોલર (લગભગ ૩૮ હજાર કરોડ રૂપિયા)ના ક્રિપ્ટોકરન્સી કૌભાંડનો આરોપ છે. રૂજા વર્ષ ૨૦૧૭થી ગાયબ છે. તેની સામે અમેરિકામાં કેસ નોંધાયેલા છે. અમેરિકાની તપાસ એજન્સી FBIએ રૂજાને ભાગેડુ જાહેર કરી દીધી છે. રૂજા છેલ્લે ગ્રીસના એથમાં એરપોર્ટ પર જોવા મળી હતી. એવું માનવામાં આવી રહ્યું છે કે તે રશિયામાં ક્યાંક છુપાયેલી હોઈ શકે છે. રૂજાને 'ક્રિપ્ટોક્વીન' તરીકે પણ ઓળખવામાં આવે છે.

બલ્ગેરિયામાં જન્મેલી રૂજા ઈગ્નાટોવા ૧૦ વર્ષની ઉંમરે જર્મની આવી ગઈ હતી. તેણે વર્ષ ૨૦૦૫માં જર્મનીની એક યુનિવર્સિટીમાંથી PhD કર્યું હતું. કેટલાક મીડિયા રિપોર્ટ્સ અનુસાર, રૂજાએ ઈંગ્લેન્ડની ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી પણ અભ્યાસ કર્યો છે. રૂજા પર અનેક કૌભાંડોનો આરોપ છે. પરંતુ તેણે જે સૌથી મોટું કૌભાંડ કર્યું તે ક્રિપ્ટોકરન્સીમાં હતું. વર્ષ ૨૦૧૪માં રૂજાએ વનકોઈન લિમિટેડની સ્થાપના કરી હતી. આ કંપની હેઠળ તેણે OneCoin નામની એક ક્રિપ્ટોકરન્સી લોન્ચ કરી હતી. તેણે આ ક્રિપ્ટોકરન્સીમાં પિરામિડ સ્કીમ શરૂ કરી અને લોકોને રોકાણ કરવા માટે કહ્યું હતું. રૂજા ઈગ્નાટોવાએ ઘણા વાયદાઓ આપીને લોકોને વનકોઈન (OneCoin)માં રોકાણ કરવા માટે મનાવ્યા હતા. તેણે ઘણા લોકો પાસે 'તેઓને રોકાણ કર્યા બાદ સારું રિટર્ન મળ્યું છે' એવા ખોટા નિવેદનો પણ અપાવ્યા હતા. જેની વાતમાં ૪૦૦થી વધારે રોકાણકારો આવી ગયા હતા. માનવામાં આવી રહ્યું છે કે તગડા રિટર્નની લાલચમાં રોકાણકારોએ વનકોઈનમાં લગભગ ૪.૫ બિલિયન ડોલરથી વધારે રકમ રોકી દીધી હતી. વર્ષ ૨૦૧૭માં રૂજા આ રકમ લઈને ફરાર થઈ ગઈ હતી. રૂજાનો ૭ વર્ષથી કોઈ અત્તોપત્તો જ નથી. તેણે ૨૫ ઓક્ટોબરે ૨૦૧૭ના રોજ બલ્ગેરિયાની રાજધાની સોફિયાથી ગ્રીસની રાજધાની એથની મુસાફરી કરી હતી. જે બાદ તેના વિશે કોઈ જાણકારી જ નથી. એવું માનવામાં આવી રહ્યું છે કે તે આ સમયે રશિયામાં હોઈ શકે છે. રૂજા ઈગ્નાટોવા પર છેતરપિંડી, મની લોન્ડરિંગ સહિતના ઘણા આરોપો છે અને કેસ ચાલી રહ્યો છે. FBIએ તેની સામે ધરપકડ વોરંટ જારી કર્યું છે. અમેરિકાએ રૂજા પર ૫ મિલિયન ડોલર (લગભગ ૪૨ કરોડ રૂપિયા)નું ઈનામ રાખ્યું છે. આ પુરસ્કાર તેની માહિતી આપનાર વ્યક્તિને આપવામાં આવશે.

# સાયરા બાનુની તબિયત બગડી, હરવું-ફરવું થયું મુશ્કેલ બની ગયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સાયરા બાનુ માત્ર અભિનય અને સુંદરતા માટે જ નહીં પરંતુ તે પોતાના સમયના સ્ટાઈલ આઈકોન માટે પણ જાણીતા હતા. ૧૯૭૦ના દાયકાના અંતમાં તેમણે પોતાના અંગત જીવનને કારણે સિનેમાથી દૂરી લીધી હોવા છતાં, તેમણે હંમેશા પોતાના દર્શકોને આકર્ષિત કર્યા. તેઓ હાલમાં ખરાબ તબિયતથી પીડાઈ રહ્યાં છે.

સદાબહાર અભિનેત્રી સાયરા બાનુની તબિયત લથડી રહી છે. વર્ષની શરૂઆતમાં તેઓ ન્યુમોનિયાથી પીડિત હોવાનું બહાર આવ્યું હતું. સાયરા બાનુના પિંડીઓમાં બે લોહીના ગઠ્ઠા છે. અભિનેત્રીની ઘરે સારવાર ચાલી રહી છે, પરંતુ તેમને ચાલવામાં તકલીફ પડી રહી છે. અભિનેત્રીના પતિ દિલીપ કુમારનું ૨૦૨૧માં અવસાન થયું હતું. વર્ષની શરૂઆતમાં સાયરા બાનુએ દિલીપ કુમારને તેમની ૫૮મી લગ્ન વર્ષગાંઠ પર યાદ કરીને એક ભાવુક પોસ્ટ કરી હતી.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ મંદિર ઉપર હુમલો કરાયો

। (એજન્સી) ઢાકા, તા.૭ ।

બાંગ્લાદેશમાં હિંસા અટકવાના કોઈ સંકેત દેખાતું નથી. આ હિસા વચ્ચે ઢાકામાં ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ (ISKCON) નમહટ્ટા સેન્ટરમાં આગ લગાવ્યાની ઘટના સામે આવી છે. જેના ઈસ્કોન નમહટ્ટા સેન્ટરમાં રાખેલી અનેક વસ્તુઓ બળીને ખાખ થઈ ગયું હતું. નોંધનીય છે કે, બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ સતત હુમલા થઈ રહ્યા છે અને કટ્ટરપંથીઓ દ્વારા ઘણાં હિન્દુ મંદિરોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. મોહમ્મદ યુનુસની આગેવાની હેઠળની બાંગ્લાદેશની વચગાળાની સરકારના શાસન દરમિયાન બાંગ્લાદેશમાં લઘુમતીઓ, ખાસ કરીને હિન્દુઓ પર સતત હુમલાઓ થઈ રહ્યા છે. હિન્દુઓ સામે હિંસાની વધી રહેલી ઘટનાઓનો ભારતમાં વિરોધ વધી રહ્યો છે.

### કેજરીવાલે દિલ્હીના કાયદા-વ્યવસ્થા પર કર્યા સવાલ

# દિલ્હીમાં મોર્નિંગ વોક પર નીકળેલા વેપારી પર ૮ રાઉન્ડ ફાયરિંગ કરાયું

## બાઇક પર આવેલાં બે હુમલાખોરોએ હુમલો કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



દિલ્હીના શાહદરામાં એકવાર ફરી ફાયરિંગની ઘટના સામે આવી છે. મોર્નિંગ વૉક પર નીકળેલા એક શખસ પર ગોળી મારવામાં આવી. મળતી માહિતી મુજબ, ૭-૮ રાઉન્ડ ફાયરિંગ થઈ જેમાં ચાર ગોળી વાગી હતી. બાઈક પર આવેલાં બે હુમલાખોરોએ હુમલો કર્યો હતો. પીડિત વાસણનો વેપારી છે અને આ હુમલામાં તેની મોત થઈ ગઈ. દિલ્હી પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

શાહદરા ડીસીપી પ્રશાંત ગૌતએ જણાવ્યું કે, થાણા ફર્શ બજારમાં ગોળીબારની ઘટના વિશે એક પીસીઆર કૉલ આવ્યો હતો. પોલીસ કર્મચારી ઘટના સ્થળે પહોંચ્યા અને જોયું કે, ૫૨ વર્ષીય સુનીલ જૈન ગોળી વાગવાના કારણે ઘાયલ થયાં હતાં. ડીસીપીએ જણાવ્યું કે, તે યમુના સ્પોર્ટ કોમ્પ્લેક્ષમાં સવાર મોર્નિંગ વૉકથી ઘરે પરત ફરી રહ્યા હતાં. એક બાઈક પર આવેલા બે શખસે તેને ગોળી મારી દીધી. ક્રાઈમ ટીમને ગટનાસ્થળે બોલાવી તપાસ હાથ ધરવામાં આવી છે. સમગ્ર ઘટનાના ક્રાઈમ સીનની તસવીરો પણ સામે આવી છે, જેમાં જોઈ શકાય છે કે શખસ એક વ્યક્તિ મોર્નિંગ વૉકથી આવી રહેલા વ્યક્તિને ચાર ગોળીઓ વાગેલી છે. ક્રાઈમ સીન પર લોહીના દાગ જોવા મળી રહ્યા છે. સ્કૂટી પણ રસ્તા પર ઢળી પડી છે. ઘટનાની જાણકારી પોલીસને ૮:૩૬ વાગ્યે મળી અને બાદમાં પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી. ડીસીપીએ જણાવ્યું કે, કોઈ પરસ્પર મતભેદ અને લડાઈ વિશે પરિવારે ઈનકાર કરી દીધો છે અને પોલીસને હાલ હુમલાના કારણની જાણ નથી થઈ. જેની તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ શાહદરામાં થયેલા ગોળીબાર પર પ્રતિક્રિયા આપી છે. તેઓએ પાર્ટી નેતા સૌરભ ભારદ્વાજના એક્સ પોસ્ટને શેર કરતાં લખ્યું, 'અમિત શાહજીએ દિલ્હીને બર્બાદ કરી દીધી. દિલ્હીને જંગલ રાજ બનાવી દીધું. ચારેય તરફ લોકો ભય હેઠળ જીવી રહ્યા છે. ભાજપ હવે દિલ્હીની કાયદા વ્યવસ્થાને સંભાળી નથી શકતી. દિલ્હીના લોકોએ એકજૂટ થઈ અવાજ ઉઠાવવો પડશે.'

# ઉદ્ધવ સેનાના ધારાસભ્યોએ શપથ લેવાનો કર્યો ઈનકાર

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મહારાષ્ટ્રમાં હવે ધારાસભ્યોના શપથ લેવા પર રાજકારણ ગરમાયું છે. શનિવારે ઉદ્ધવ ઠાકરેની શિવસેનાવાળા ધારાસભ્યોએ શપથ લેવાનો ઈનકાર કરી ગૃહનો બહિષ્કાર કર્યો છે. ધારાસભ્યોનું કહેવું છે કે, અમને EVM પર શંકા છે. આ જનાદેશ જનતાએ નથી આપ્યો. નોંધનીય છે કે, ચૂંટણીના પરિણામ આવ્યા બાદથી જ મહારાષ્ટ્રના રાજકારણનો પારો ગરમ છે. આ પહેલાં મહાયુતિમાં મુખ્યમંત્રી પદને લઈને ઘણાં દિવસો સુધી બેઠકો ચાલી હતી. મહારાષ્ટ્ર વિધાનસભાના ૩ દિવસનું વિશેષ સત્ર શરૂ થયું છે, જેમાં નવનિયુક્ત ધારાસભ્યો શપથ ગ્રહણ કરશે. મહારાષ્ટ્રમાં નવા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ, નાયબ મુખ્યમંત્રી અજિત પવાર અને એકનાથ શિંદે સભ્ય રૂપે શપથ લઈ ચુક્યા છે. ગૃહની કાર્યવાહી સવારે ૧૧ વાગ્યે શરૂ થઈ હતી. આ પહેલાં વિધાનસભાના પ્રોટેમ સ્પીકરના રૂપે કાલિદાસ કોલંબરકરને પસંદ કરવામાં આવ્યા હતાં. જેઓએ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને શપથ લેવડાવ્યા હતાં. ત્યારબાદ ધારાસભ્યોને શપથ લેવડાવવાની પ્રક્રિયા શરૂ થઈ. પરંતુ, શિવસેના (યુબીટી) અને MVA ના અન્ય ધારાસભ્યોએ શપથ લેવાનો ઈનકાર કરી દીધો. આદિત્ય ઠાકરેએ જણાવ્યું કે, અમને EVM પર શંકા છે. આ જનતાનો જનાદેશ નથી, તેથી અમે ગૃહમાંથી વૉકઆઉટ કર્યું અને શપથ નથી લીધી. અમારી પાર્ટીના ચૂંટાયેલા ધારાસભ્યો શપથ નહીં લે. જો જનતાનો જનાદેશ મળ્યો હોત તો અમે ખુશી વ્યક્ત કરત. પરંતુ, આ જીત બાદ મહારાષ્ટ્રમાં ક્યાંય જશ્નનો માહોલ જોવા નથી મળ્યો. અમને EVM પર શંકા છે. વળી, બીજી બાજુ અજિત પવારે વળતો પ્રહાર કરતા કહ્યું કે, ઈવીએમના કારણે વિપક્ષે વૉકઆઉટ કર્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આજે કોઈ વિપરીત લિંગી ની મદદ થી તમને નોકરી અથવા વેપાર માં આર્થિક લાભ થવા ની શક્યતા છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. જે વેપારીઓ ના સંબંધ વિદેશો થી છે તેમને આજે ધન હાનિ થવા ની શક્યતા છે તેથી સાવચેતી થી ચાલો? ઘરે ઉત્સવ જેવો માહોલ તમારૂં ટૅન્શન ઘટાડશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. આજે નાણાં સંભાળવામાં તમને મુશ્કેલી પડશે-તમે વધુ પડતો ખર્ચ કરી બેસશો કાં તમારૂં વૉલેટ ખોવાઈ જશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. ઘરને લગતા કેટલાક મુદ્દાઓ પર તરત ધ્યયાન આપવાની જરૂર છે. કોઈકની દખલને કારણે તમારા પ્રિયપાત્ર સાથેના તમારા સંબંધો વણસી શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે વાહન ચલાવતી વખતે તકેદારી રાખો. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકષર્ષક સાબિત થશે. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં. તમારા વ્યસ્ત સમય પત્રકમાંથી થોડો સમય કાઢી તમારા પરિવાર સાથે પાર્ટીમાં હાજરી આપજો. આનાથી તમે ન માત્ર દબાણમાંથી મુક્ત થશો બલ્કે તમારો ખચકાટ પણ દૂર

**તુલા (ર,ત) :**
આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા પ્રિયપાત્ર-જીવનસાથી તરફથી આવનારો ફોન કૉલ તમારો દિવસ બનાવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમને પ્રેરણા આપતી લાગણીઓને ઓળખજો. ભય, શંકા, ગુસ્સો, લાલચ વગેરે જેવી નકારાત્મક લાગણીઓને તમારે છોડી દેવી જોઈએ, કેમ કે આ લાગણીઓ લોહચુંબકની જેમ કામ કરે છે, તમને જે જોઈએ છે તેનાથી વિરૂદ્ધ બાબતને તેઓ આકર્ષે છે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે મિત્ર સાથે તમારી ગેરસમજ કેટલાક અપ્રિય પ્રત્યાઘાતોને આમંત્રણ આપશે-કોઈ પણ નિર્ણય જાહેર કરતા પહેલા સંતુલિત મંતવ્ય મેળવો. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. આજે કામ તાણયુક્ત અને થકાવનારૂં હશે-પણ મિત્રોની સંગત તમને ખુશખુશાલ અને આરામદાયક મિજાજમાં રાખશે. તમારા પ્રેમી અથવા પ્રેમિકા આજે તેમના ઘર ની સ્થિતિ ને કારણે ખૂબ ગુસ્સે દેખાઈ શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે મિત્રો સહકાર આપશે તથા તમને ખુશ રાખશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. તમારા જીવનસાથીની નાદુરસ્ત તબિયતને કારણે આજે રૉમાન્સ પર અસર પડશે. આ રાશિ ના જાતકો આજે લોકો ને મળવા કરતા એકાંત માં રહેવું વધારે પસંદ કરશે?




રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ઓડિશાના રાયરંગપુર ખાતે વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન અને શિલાન્યાસમાં ઉપસ્થિત રહ્યા હતાં.

## સમગ્ર વિશ્વમાં ઉથલપાથલ છે, ભારત એકમાત્ર આશા ધરાવતો દેશ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

વિશ્વના ઘણા દેશો આ દિવસોમાં રાજકીય અને આર્થિક ઉથલપાથલના વાતાવરણમાં છે. બે યુદ્ધો પણ ચાલે છે. આ બધાની વચ્ચે ભારતની અર્થવ્યવસ્થા તમામ પડકારોને પાર કરીને સકારાત્મક દિશામાં આગળ વધી રહી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આનો શ્રેય મોદી સરકારની નીતિઓને આપ્યો છે. 'ઈન્ડિયન ઓફ ધ યર એવોર્ડ્સ ૨૦૨૪'માં પહોંચેલા અશ્વિની વૈષ્ણવે કહ્યું, "આખું વિશ્વ ઉથલપાથલમાં છે. ભારત એકમાત્ર આશા ધરાવતો દેશ છે." તેમણે કહ્યું, "ભારતની વિકાસગાથા ૪ આધારસ્તંભો પર આધારિત છે – રોકાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન અને વિવિધતા." અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે આગામી ૧૦ વર્ષમાં ભારતની અર્થવ્યવસ્થા ૬-૮ ટકાના દરે વૃદ્ધિ પામતી રહેશે. ભારત ટૂંક સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની જશે.

## સહયોગી રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટીએ ભાજપનું વધાર્યું ટેન્શન

। (એજન્સી) પટણા, તા.૭ ।

બિહારની રાજનીતિમાં એક નવો વળાંક આવ્યો છે, રાષ્ટ્રીય લોક જનશક્તિ પાર્ટી (RLJP) ના વડા પસુપતિ પારસે આગામી ૨૦૨૫ની બિહાર વિધાનસભા ચૂંટણીમાં એકલા બધી ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડવાની વાત કહી છે. આ નિવેદન ત્યારે આવ્યું છે, જ્યારે બિહારમાં રાજકીય ગણિત સતત બદલાઈ રહ્યું છે અને પારસની પાર્ટીની સ્થિતિ પણ સ્પષ્ટ નથી. શુક્રવારે પટનામાં એક પત્ર પરિષદ દરમિયાન પસુપતિ પારસે કહ્યું, "અમારી પાર્ટી બધી ૨૪૩ બેઠકો પર ચૂંટણી લડશે. અમારા કાર્યકર્તા બધા બૂથ પર ચૂંટણી તૈયારીમાં લાગ્યા છે." તેમણે આગળ કહ્યું કે જો ગઠબંધન સાથે સમજૂતી થાય અને તેમને ગમતી બેઠકો મળે, તો તે સહયોગી પક્ષો સાથે ચૂંટણી લડવા માટે તૈયાર છે, પરંતુ જો તેમની પાર્ટીને યોગ્ય બેઠકો નહીં આપવામાં આવે, તો તે એકલા ચૂંટણી મેદાનમાં ઊતરશે.

### બાંગ્લાદેશમાં હિન્દુ સાધુને કાયદાકીય મદદ મળી રહી નથી

# બાંગ્લાદેશની સ્થિતિ પર વિશ્વના મૌનથી ભડક્યા પવન કલ્યાણ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

આંધ્ર પ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર થઈ રહેલા હુમલાઓ પર ભારે નારાજગી વ્યક્ત કરી છે. પવન કલ્યાણે આજે શુક્રવારે કહ્યું કે, ભારતે મુંબઈ હુમલાના આતંકવાદીને સંપૂર્ણ કાયદાકીય મદદ કરી હતી, પરંતુ બાંગ્લાદેશમાં એક હિન્દુ સાધુને ન તો કાયદાકીય મદદ મળી રહી છે અને ન તો તેના કેસની ન્યાયી સુનાવણી થઈ રહી છે. વિશ્વને ચિન્મય કૃષ્ણ દાસ જેવા લોકો માટે બોલવાની જરૂર છે કારણ કે માનવતાનો આત્મા તેના પર નિર્ભર છે. પવન કલ્યાણે સ્યુડો-સેક્યુલરવાદીઓને સંબોધતાં કહ્યું કે, હવે તેમનો ગુસ્સો ક્યાં છે? પવન કલ્યાણે



સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું કે, બે એવા કિસ્સા છે જેમાંથી ન્યાય અને અન્યાય વચ્ચેનો તફાવત સમજી શકાય છે. પહેલો કેસ ભારતનો છે, જ્યાં ૨૦૦૮ના મુંબઈ હુમલામાં ૧૬૬ લોકો માર્યા ગયા હતા અને ૩૦૦થી વધુ ઘાયલ થયા હતા.

આ સમય દરમિયાન આતંકવાદી કસાબ રંગે હાથે ઝડપાયો હતો અને તેણે પોતાનો ગુનો પણ કબૂલી લીધો હતો, પરંતુ તેમ છતાં તેના કેસમાં સમગ્ર કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું અને તેને કાયદાકીય મદદ પણ આપવામાં આવી હતી. હાઈકોર્ટમાંથી સજા મળ્યા બાદ તેને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવાની સુવિધા પણ આપવામાં આવી હતી અને ત્યારબાદ તેની દયાની અરજી પણ રાષ્ટ્રપતિને મોકલવામાં આવી હતી. તેને ૨૧ નવેમ્બર ૨૦૧૨ના રોજ સજા સંભળાવવામાં આવી હતી, પરંતુ આ દરમિયાન સમગ્ર વિશ્વએ ભારતનું લોકતાંત્રિક માળખું અને તેની ધીરજ જોઈ. બીજો મામલો બાંગ્લાદેશનો છે, જ્યાં એક હિન્દુ સાધુની રાજદ્રોહના કેસમાં ધરપકડ કરવામાં આવી છે.

ચિન્મય કૃષ્ણ દાસે માત્ર બાંગ્લાદેશમાં નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસની સરકાર હેઠળ હિન્દુઓ પરના અત્યાચારો સામે અવાજ ઉઠાવ્યો હતો, પરંતુ તેમની ધરપકડ કરવામાં આવી હતી અને હવે તેમને ન તો કાનૂની મદદ મળી રહી છે કે ન તો ન્યાયી ટ્રાયલ. આવા સંજોગોમાં સ્યુડો-સેક્યુલરવાદીઓ, માનવાધિકારના સ્વયં-ઘોષિત ચેમ્પિયન હવે કેમ ચૂપ છે? હવે તેમનો ગુસ્સો ક્યાં છે? શા માટે ન્યાયનો ચહેરો જુદી જુદી જગ્યાએ અલગ-અલગ હોય છે? પવન કલ્યાણે કહ્યું કે, વિશ્વને ચિન્મય કૃષ્ણ દાસ જેવા લોકો માટે બોલવાની જરૂર છે કારણ કે માનવતાનો આત્મા તેના પર નિર્ભર છે.મહત્ત્વપૂર્ણ છે કે, બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર સત્તા પરથી હટી ગયા બાદ ત્યાં હિન્દુ સમુદાયના લોકો પર સતત હુમલા થઈ રહ્યા છે. ઘણા મંદિરોમાં તોડફોડ કરવામાં આવી હતી અને બાંગ્લાદેશમાં હિન્દુ વિરોધી અને ભારત વિરોધી ભાવનાઓને ભડકાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ભારત સરકારે આ અંગે બાંગ્લાદેશ સરકાર સામે વાંધો ઉઠાવ્યો છે, પરંતુ તેમ છતાં બાંગ્લાદેશ સરકાર લઘુમતીઓની સુરક્ષા માટે કડક પગલાં લઈ રહી નથી.

### તેમણે જય શાહનું સ્થાન લીધું છે

## શમ્મી સિલ્વા હવે એશિયન ક્રિકેટ કાઉન્સિલના નવા પ્રમુખ બન્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

જય શાહે તાજેતરમાં ICCના નવા અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે, પરંતુ આ સાથે તેમને બીજી નોકરી ગુમાવવી પડી છે. ખરેખર, શ્રીલંકા ક્રિકેટ બોર્ડના વર્તમાન પ્રમુખ શમ્મી સિલ્વા હવે એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના નવા પ્રમુખ બન્યા છે. તેમણે જય શાહનું સ્થાન લીધું છે, જેઓ ૨૦૨૧ થી આ પદ સંભાળી રહ્યા હતા. સિલ્વા અગાઉ પણ ACCનો ભાગ રહી ચુક્યા છે, જ્યાં તેઓ ઘણા વર્ષો સુધી ફાઈનાન્સ અને માર્કેટિંગ કમિટીના ચેરમેન પદ પર હતા. શમ્મી સિલ્વાએ ACCના નવા પ્રમુખ તરીકે ચૂંટાયા પર ખુશી વ્યક્ત કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે તેઓ એશિયન ક્રિકેટને નવા સ્તરે લઈ જવા માટે તમામ શક્ય પ્રયાસો કરશે. તેણે કહ્યું, "એશિયન ક્રિકેટ કાઉન્સિલનું નેતૃત્વ કરવું એ સન્માનની વાત છે. ક્રિકેટની રમત એશિયન ચાહકોના હૃદયની ધડકન છે. હું રમતને એશિયામાં નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે તમામ દેશો સાથે મળીને કામ કરીશ. ઉભરતા ખેલાડીઓ અમે આપવાનો પ્રયાસ કરીશું. દરેકને તક મળશે અને આ સુંદર રમતની મદદથી દરેક સાથે સંબંધો સુધારવાનો પ્રયાસ કરશે." એશિયન ક્રિકેટ કાઉન્સિલના પ્રમુખ પદનો ચાર્જ સંભાળતી વખતે શમ્મી સિલ્વાએ જય શાહનો તેમની સેવાઓ બદલ આભાર માન્યો હતો. તમને જણાવી દઈએ કે સિલ્વા વર્ષ ૨૦૧૯થી શ્રીલંકા ક્રિકેટ બોર્ડના પ્રમુખ છે. જય શાહની વાત કરીએ તો આઈસીસીના અધ્યક્ષ બન્યા બાદ તેમણે માત્ર એસીસીનું પ્રમુખ પદ જ નહીં પરંતુ બીસીસીઆઈના સેક્રેટરીનું પદ પણ છોડવું પડ્યું હતું. શમ્મી સિલ્વા એવા પ્રથમ શ્રીલંકન નથી કે જેમણે ACC પ્રમુખનું પદ સંભાળ્યું હોય. તેમના પહેલા ગામિની દિસાનાયકે, ઉપલી ધર્મદાસા, થિલાંગા સુમાથી પાલા, જયંતા ધર્મદાસા, અર્જુન રણતુંગા પણ પ્રમુખ પદ સંભાળી ચૂક્યા છે.

### ભારતીય રેલવેની ઝળહળતી સિદ્ધિ

# ૩૬૦ કિમીની ઝડપે ટ્રેન દોડાવી શકાય એવો હાઈપરલૂપ તૈયાર કરાયો

### રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ ટ્રેકનો વીડિયો શેર કરીને જાણકારી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય રેલવેએ વિકાસના માર્ગ પર વધુ એક સિમાચિહ્નરૂપ સફળતા હાંસલ કરી છે. હવે રેલવેએ દેશનો પહેલો હાઈપરલૂપ ટેસ્ટ ટ્રેક તૈયાર કર્યો છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આ ટ્રેકનો વીડિયો શેર કરીને આ વિશે જાણકારી આપી છે.

હાઈપરલૂપ ટ્રેન એક હાઈ સ્પીડ ટ્રેન છે, જે એલિવેટેડ વેક્યૂમ ટ્યુબમાં દોડે છે. તેમાં ટ્રેન મેગ્નેટિક ટેક્નોલોજીથી સજ્જ પોડ પર ચાલે છે. હવાનું ઘર્ષણ ન લાગતાં આવા પોડની ઝડપ ૧૧૦૦ થી ૧૨૦૦ કિમી પ્રતિ કલાક સુધી જાય છે. તેમાં વીજળીનો ખર્ચ પણ ઘણો ઓછો આવે છે અને પ્રદૂષણ થતું નથી. એક પોડમાં ૨૪ થી ૨૮ મુસાફરો બેસી શકે છે. ૪૧૦ મીટર લાંબો આ ટેસ્ટ ટ્રેક તમિલનાડુના થૈયુરમાં IIT મદ્રાસના ડિસ્કવરી કેમ્પસમાં બનાવવામાં આવ્યો છે. આ ટ્રેક ભારતીય રેલવે, IIT-મદ્રાસની આવિષ્કાર હાઈપરલૂપ ટીમ અને સંસ્થામાં સ્થાપિત સ્ટાર્ટઅપ TUTR હાઈપરલૂપ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયો છે. આ પ્રોજેક્ટનો હેતુ અત્યંત ઝડપી, સસ્તું, વિશ્વસનીય અને ટકાઉ પરિવહન પૂરું પાડવાનો છે. ભારતીય રેલવે દ્વારા વિકસિત આ હાઈપરલૂપ પર ટ્રેન મહત્તમ ૬૦૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડી શકશે. જો કે, તેની ઓપરેશનલ સ્પીડ ૩૬૦ કિમી પ્રતિ કલાક રાખવામાં આવશે. ભારતીય રેલવે મંત્રાલયે આ પ્રોજેક્ટ માટે ૮.૩૪ કરોડ રૂપિયાનું ફંડ આપ્યું છે. હાઈપરલૂપ ટ્રેકમાં નોનસ્ટોપ મુસાફરીની મજા માણી શકાશે. એકવાર બેસો અને સીધા મુકામ પર જાઓ, વચ્ચે ક્યાંય રોકવાની તક નહીં મળે. આ કારણસર બે મોટા સ્ટેશનો વચ્ચે જ હાઈપરલૂપ ટ્રેન દોડશે. અત્યંત ઝડપી હોવાથી કલાકોની સફર મિનિટોમાં આટોપાઈ જશે અને સમયની ખૂબ બચત થશે.

દેશની સૌથી પહેલી હાઈપરલૂપ ટ્રેન મુંબઈ અને પૂણે વચ્ચે દોડે તેવી શક્યતા છે. બંને શહેરો વચ્ચે અત્યારે જે ટ્રેન મહત્તમ ઝડપે દોડે છે, તે મુંબઈથી પૂણે પહોંચવામાં સવા ત્રણ કલાકનો સમય લે છે. હાઈપરલૂપ દ્વારા આ સમય ઘટીને ફક્ત માત્ર ૨૫ મિનિટ થઈ જશે. પ્રાયોગિક પરીક્ષણો સફળ થતાં આ પ્રોજેક્ટને ૨ તબક્કામાં આગળ ધપાવાશે. પ્રથમ તબક્કામાં ૧૧.૫ કિલોમીટરના ટ્રેકનું બાંધકામ કરવામાં આવશે, અને પછી એ વધારીને ૧૦૦ કિલોમીટરનું કરવામાં આવશે.

## તમામ પેદાશને એમએસપી મૂલ્ય પર ખરીદવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે રાજ્યસભામાં કહ્યું કે, નરેન્દ્ર મોદી સરકાર તમામ કૃષિ પેદાશોને ન્યૂનતમ સમર્થન મૂલ્ય (MSP) પર ખરીદશે. રાજ્ય સભામાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે પ્રશ્નકાળ દરમિયાન ખેડૂતોના એમએસપી મુદ્દે પૂરક પ્રશ્નનો જવાબ આપતા આ આશ્વાસન આપ્યું હતું. મંત્રીએ આ આશ્વાસન એ દિવસે આપ્યું, જ્યારે ખેડૂતો પોતાની માગને લઈને દિલ્હી સુધી પગપાળા માર્ચ કરી રહ્યા છે. શિવરાજસિંહ ચૌહાણે ગૃહમાં જણાવ્યું કે, હું ગૃહના માધ્યમથી ખેડૂતોને આશ્વસ્ત કરવા ઈચ્છુ છું કે, ખેડૂતોની તમામ પેદાશને એમએસપી મૂલ્ય પર ખરીદવામાં આવશે. આ મોદી સરકાર છે અને મોદીની ગેરંટી એટલે ગેરંટી પૂરી થવાની ગેરંટી છે. કેન્દ્રીય મંત્રીએ વિપક્ષ પર પ્રહાર કરતાં કહ્યું કે, જ્યારે અમારા મિત્ર સત્તામાં હતાં ત્યારે તેઓએ રેકોર્ડ પર કહ્યું હતું કે, એમ.એસ સ્વામીનાથન આયોગની ભલામણનો સ્વીકાર નહીં કરી શકીએ. ખાસ કરીને ખેત પેદાશની કિંમતથી ૫૦ ટકા વધુ આપવાની વાત. મારી પાસે રેકોર્ડ છે.

**વિશેષ** | યુટ્યુબ પર કોર્ટની કામગીરીનું લાઈવ ટેલિકાસ્ટ કરનારું ગુજરાત સૌપ્રથમ રાજ્ય બન્યું છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓને વધુ મજબૂત કરતા વિવિધ પ્રકલ્પોનું ગુજરાત હાઈકોર્ટ પરિસરમાં લોકાર્પણ-ખાતમુહૂર્ત સંપન્ન કર્યા

। (માહિતી) અમદાવાદ ।

ગુજરાત હાઈકોર્ટ ખાતે રાજ્યના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓને વધુ મજબૂત કરતા વિવિધ પ્રકલ્પોનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ શ્રી સૂર્યકાંતના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રીમતી સુનિતા અગ્રવાલ તેમજ કાયદા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ન્યાયપાલિકાને મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર આપ ીને સમય અનુરૂપ ભવનો અને ટેકનોલોજીથી સુસજ્જ રાખવાની વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીની નેમ છે. આ નેમને સાકાર કરવાની દિશામાં ગુજરાત હાઈકોર્ટ ખાતે આજે રૂપિયા ૧૩૩ કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત સંપન્ન થયું છે.

વર્ષ ૧૯૬૦માં ગુજરાત અલાયદું રાજ્ય બન્યું ત્યારે આકાશવાણી ભવન, નવરંગપુરા ખાતેથી શરૂ થયેલી ગુજરાત હાઈકોર્ટની સફર ઉત્તરોત્તર નવીનતમ સુવિધાઓ સાથે આગળ વધી છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે આજે સોલા ખાતે સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસિલિટી સાથેનું ગુજરાત હાઈકોર્ટનું અદ્યતન ભવન કાર્યરત છે. ન્યાયાલયો, તેની સાથે સંકળાયેલી નવી ઈમારતો કે મકાનો બાંધવા સહિત ન્યાયાધીશો અને કોર્ટ સ્ટાફને અત્યાધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાનો રાજ્ય સરકારનો હંમેશાં પ્રયાસ રહ્યો છે. વધુમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે રાજ્યના દરેક તાલુકા મથકે પ્રિન્સિપલ સિવિલ જજની કોર્ટ કાર્યરત કરીને આપણે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટની મુહિમને સાકાર કરવાની દિશામાં કામગીરી કરી છે. સુશાસન અને લોકતંત્રમાં ગુડ ગવર્નન્સની જરૂરિયાત વિશે જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કોઈ પણ દેશ કે રાજ્યના વિકાસમાં અને ગુડ ગવર્નન્સમાં કાયદો વ્યવસ્થા અને ન્યાયપ્રણાલીનું મહત્ત્વનું યોગદાન હોય છે. ન્યાયતંત્ર, વહીવટી તંત્ર અને ધારાસભા એ લોકશાહીના અને સુશાસનના



આધારસ્તંભ છે. આ ત્રણેય વચ્ચેનું યોગ્ય સંકલન સુશાસન અને લોકતંત્રને ગતિમાન રાખે છે. લોકોને સુશાસનનો પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે ઝડપી ન્યાય પ્રાપ્ત થાય એ અતિ આવશ્યક છે. આ માટે રાજ્ય સરકાર ન્યાયતંત્ર અને હાઈકોર્ટની જરૂરિયાત અનુસારના સંસાધનો ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે આ માટે કાયદા વિભાગના બજેટમાં રાજ્ય સરકારે નાણાકીય ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૧ - ૨૨માં આ ફાળવણી ૧૬૯૮ કરોડ રૂપિયા હતી, જે ૨૦૨૪-૨૫માં ૨૫૮૬ કરોડ રૂપિયા કરવામાં આવી છે. જે ન્યાયતંત્રની કાર્યક્ષમતા વધારવા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, ડિજિટલાઈઝેશન અને સુદૃઢ માનવબળ ઉપલબ્ધ કરાવવાનું રાજ્ય સરકારનું કમિટમેન્ટ દર્શાવે છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ટ્રાન્સપરન્ટ , એફિશિયન્ટ અને ગુડ ગવર્નન્સ માટે ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રાધાન્ય આપ્યું છે. ગુજરાત હાઈકોર્ટે આ ક્ષેત્રે ઉદાહરણ રૂપ કાર્ય કર્યું છે. યુટ્યુબ પર કોર્ટની કામગીરીનું લાઈવ ટેલિકાસ્ટ કરનારું ગુજરાત સૌપ્રથમ રાજ્ય બન્યું છે. વર્ચ્યુઅલ કોર્ટ, ડિજિટલ પોર્ટલ, પેપરલેસ ઈ ફાઈલિંગના અભિગમ પણ રાજ્યની ન્યાયપાલિકાએ અપનાવ્યા છે. આજે લોકાપર્ણ અને ખાતમુહૂર્ત કરવામાં આવેલા વિવિધ પ્રકલ્પો ન્યાય પ્રણાલીને ઝડપી બનાવશે, એમ તેમણે ઉમેર્યું હતું. સુપ્રીમ કોર્ટના જજ શ્રી જસ્ટિસ સૂર્યકાંતે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કોઈપણ રાષ્ટ્રના વિકાસમાં તેની ન્યાય વ્યવસ્થાનું મહત્વનું યોગદાન રહે છે. મજબૂત ન્યાયપાલિકા રાષ્ટ્ર ઉત્થાનના પાયાના સ્તંભમાંની એક છે. આજના આધુનિક યુગમાં મજબૂત જ્યુડિશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીનો યથાયોગ્ય ઉપયોગ ન્યાયતંત્રની સૌથી મહત્વની જરૂરિયાતો છે. આ બન્ને બાબતોના અમલીકરણમાં ગુજરાત હાઈકોર્ટ મોખરે છે. આજે લોકાર્પણ અને ખાતમુહૂર્ત થયેલા પ્રકલ્પો એ વાતની સાબિતી આપે છે કે ગુજરાતમાં ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજીના ઉપયોગ દ્વારા ડીજીટાઈઝેશન ખૂબ જ ઝડપથી થઈ રહ્યું છે. રાજ્ય સરકાર પણ હાઈકોર્ટની તમામ જરૂરિયાતો પૂર્ણ કરવા સંપૂર્ણપણે કટિબદ્ધ છે જે આનંદદાયક બાબત છે, એમ તેમણે ઉમેર્યું હતું. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ શ્રીમતી સુનિતા અગ્રવાલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, માળખાગત સુવિધાઓ ઉપલબ્ધ બનવાથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી અને સરળ બને છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમથી આજે અનેક નવાં મકાનો અને પ્રકલ્પોનો શિલાન્યાસ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા છે. આ જ પ્રકારે ન્યાયપાલિકાના કર્મચારીઓ માટે આરોગ્ય સુવિધા કરાવવામાં પણ રાજ્ય સરકારનો ઝડપી અને મહત્ત્વપૂર્ણસહયોગ સાંપડ્યો છે. તેમણે ઉમેર્યું કે ફેમિલી કોર્ટની કાર્યવાહી માટે ડિજિટલ હિયરિંગ પ્લેટફોર્મ અને નેગોશિયેબલ ઈન્સ્ટ્રૂમેન્ટ કેસ માટે ઈ-ફાઈલિંગની સુવિધા જેવા ટેક્નોલૉજિકલ ટ્રાન્સફોર્મેશન ન્યાયિક પ્રક્રિયા ઝડપી બનાવવામાં ઉપયોગી પુરવાર થશે.



૧૦૦ દિવસની સઘન ટી.બી નિર્મૂલન ઝુંબેશ ગાંધીનગરથી આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે કરાવ્યો શુભારંભ.

## સુરતમાં સોશિયલ મીડિયા મેસેજથી ૧૫ હજાર લોકોની નોકરી ગુમાવી

। (એજન્સી) સુરત, તા.૭ ।

મારૂતિ ઈમ્પેક્ષ ડામયંડ ફેક્ટરી ૩થી ૪ મહિના બંધ રહેવાનો વોટ્સએપ ઓડિયો વાયરલ થયો છે. મંદીના માહોલ વચ્ચે સુરત ઉપરાંત સૌરાષ્ટ્ર તથા વિદેશમાં પણ કાર્યરત જાણીતી મારૂતિ ઈમ્પેક્ષ નામની ડાયમંડ ફેક્ટરી આગામી ત્રણથી ચાર મહિના માટે બંધ કરવામાં આવે છે. ગુજરાતમાં પણ મંદીની અસર જોવા મળી રહી છે. ૧૫મી નવેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા સાડા ચાર વર્ષમાં ૫.૯૭૨ MSME એકમોના શટર પડી ગયા છે એટલે કે વાઈબ્રન્ટ ગુજરાતમાં રોજના ત્રણથી ચાર MSME એકમો બંધ થઈ રહ્યાં છે. એકમો બંધ થવા મામલે ગુજરાત દેશમાં ત્રીજા નંબરે છે. પ્રથમ ક્રમે મહારાષ્ટ્ર અને બીજા ક્રમે તામિલનાડુ સામેલ છે. આ સમયગાળામાં દેશમાં ૬૧,૪૯૯ એકમો બંધ થયા છે. જે એક ચિંતાનો વિષય ગણી શકાય છે. ગુજરાત એ વાઈબ્રન્ટ ગુજરાતને આધારે ઉદ્યોગોને આકર્ષી રહ્યો છે. જ્યારે MSME એકમોના શટર પડી રહ્યાં છે. રાજ્યમાં આજે જાણીતી મારૂતિ ઈમ્પેક્ષ નામની ડાયમંડ ફેક્ટરી બંધ થઈ છે. જે ૧૫ હજાર કર્મચારીઓને એક સોશિયલ મીડિયાના મેસેજને આધારે નોકરીમાંથી નીકાળવામાં આવ્યા છે.

## બનાસકાંઠામાં વાવમાં કેનાલ તૂટવાની સમસ્યા યથાવત્ જોવા મળી

। (એજન્સી) બનાસકાંઠા, તા.૭ ।

બનાસકાંઠા જીલ્લામાં વાવમાં કેનાલનો થોડોક ભાગ તૂટતા કેનાલનું પાણી ખેતરોમાં ફરી વળ્યું છે. બનાસકાંઠામાં વાવમાં કેનાલ તૂટવાની સમસ્યા યથાવત્ જોવા મળી છે. કેનાલ તૂટતા ખેતરોમાં પાણી ભરાયા છે. તેમજ ઊભેલા પાક પર પાણી ફરી વળતા ખેડૂતો ત્રાહિમાન પોકારી ઉઠ્યા છે. બનાસકાંઠા જીલ્લામાં વાવમાં કેનાલનો થોડોક ભાગ તૂટતા કેનાલનું પાણી ખેતરોમાં ફરી વળ્યું છે. કેનાલનું ગાબડું પડતા ખેતરમાં ઉભેલો પાક પાણીમાં બેસી ગયો હોવાનું જાણવા મળ્યું છે. તંત્રને અનેક રજૂઆત છતાં કેનાલમાં ગાબડાં પડવાની સમસ્યા યથાવત્ જોવા મળી રહી છે. માહિતી પ્રમાણે દૈયપ માઈનોર કેનાલ તૂટી હતી જે અગાઉ રીપેર જ નહોતી કરાઈ. ખેડૂતો માટે કેનાલ આશીર્વાદ સમાન છે કે નુકસાનકારક તે રોચક પ્રશ્ન હાલ ઊભો થયો છે. અગાઉ બનાસકાંઠા જીલ્લામાં વાવ તાલુકામાં આવેલા ખિમાસા વાસમાં માલસણ બ્રાન્ચમાંથી પસાર થતી અસારા કેનાલનો ગેરરીતિ આચરવામાં આવી હોવાનું ખેડૂતોએ આક્ષેપ કર્યા હતા.

### બે વર્ષમાં ખર્ચ-લાભાર્થી બમણાં થયા

# આયુષ્યમાન યોજના હેઠળ અમદાવાદમાં વર્ષમાં રૂપિયા ૪૫૦ કરોડ ખર્ચાયા

## નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં જ ગુજરાતમાંથી ૧૫ જિલ્લામાં આ યોજના પાછળ રૂપિયા ૧૦૦ કરોડથી વધુ ખર્ચાયા છે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદની ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે ખેલાયેલા ખૂની ખેલ બાદ કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) ચર્ચામાં આવી ગઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં જ ગુજરાતમાંથી ૧૫ જિલ્લામાં આ યોજના પાછળ રૂપિયા ૧૦૦ કરોડથી વધુ ખર્ચાયા છે. આ ઉપરાંત નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ કરતાં ૨૦૨૨-૨૩માં આયુષ્યમાન યોજના હેઠળ બમણી રકમ ખર્ચાઇ છે. આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર આ યોજના પાછળ અમદાવાદમાં એક વર્ષમાં સૌથી વધુ ૧.૪૯ લાખ લાભાર્થી હતા અને તેમની પાછળ રૂપિયા ૪૫૦.૪૦ કરોડ ખર્ચાયા હતા. ૨૦૨૧-૨૨માં આ યોજનામાં કુલ ૭૪૭૨૩ લાભાર્થી પાછળ રૂપિયા ૨૧૭.૮૦ કરોડ ખર્ચવામાં આવ્યા હતા. આમ, બે વર્ષમાં આ યોજના બમણાથી વધુ રકમનો ખર્ચ થયાની વિગત સામે આવી છે. અમદાવાદમાં ૨૦૨૩-૨૪માં ૬.૧૪ લાખ આયુષ્યમાન કાર્ડ બન્યા હતા. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં જે ૧૫ જિલ્લામાં ૧૦૦ કરોડથી વધુ રકમ ખર્ચાઇ છે તેમાં સુરત, રાજકોટ, બનાસકાંઠા, મહેસાણા, ભાવનગર, વડોદરા, જુનાગઢ, કચ્છ, અમરેલી, આણંદ, સુરેન્દ્રનગર, સાબરકાંઠા, પાટણ, જામનગરનો સમાવેશ થાય છે. સુરતમાં ૨૦૨૧-૨૨માં ૫૧૫૯૨ લાભાર્થી પાછળ રૂપિયા ૧૭૨ કરોડ ખર્ચાયા હતા જ્યારે ૨૦૨૩-૨૪માં લાભાર્થીની સંખ્યા વધીને ૯૪ હજાર થઈ હતી અને તેમની પાછળ રૂપિયા ૩૩૧ કરોડનો ખર્ચ થયો હતો.અલબત્ત, ખ્યાતિકાંડ બાદ હવે કયા દર્દીને ખરા અર્થમાં જરૂર હતી અને તેની ડોક્ટરો દ્વારા સારવાર થઈ હતી તે પણ પેચિદો પ્રશ્ન છે. ગુજરાતમાં ૨૦૨૩-૨૪માં કુલ ૭૭.૯૫ લાખ નવા આયુષ્યમાન કાર્ડ ધારકો જોડાયા છે. બીજી તરફ ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૨.૩૨ કરોડ, મહારાષ્ટ્રમાં ૧.૭૯ કરોડ,રાજસ્થાનમાં ૧.૦૯ કરોડ નવા કાર્ડધારકો ઉમેરાયા છે. ૭૦થી વધુ વયના તમામ નાગરિકોને હવે આયુષ્યમાન યોજના હેઠળ આવરી લેવાયા છે.

## રિપલ પંચાલનું ડ્રાઈવિંગ લાયસન્સ કાયમી ધોરણે રદ

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદના બોપલ આંબલી રોડ પર બેફામ રીતે કાર ચલાવીને અકસ્માત કરનારા રિપલ પંચાલ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. અમદાવાદ RTO વિભાગે આરોપી રિપલ પંચાલનું લાયસન્સ કાયમી ધોરણે સસ્પેન્ડ કરી દીધું છે. જેથી રિપલ પંચાલ હવે જીવનમાં ક્યારેય વાહન ચલાવી શકશે નહીં. સૂત્રોના જણાવ્યા અનુસાર જો આરોપી વાહન ચલાવતા પકડાશે, તો તેનું વાહન ડિટેઈન કરવા સાથે ફોજદારી કાર્યવાહી પણ કરવામાં આવશે. આ સાથે જ ૩ વખત હેલ્મેટ પહેર્યા વિના પકડાયેલા ૮૫૦ વાહનચાલકોના લાયસન્સ ૩ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ બોપલ-આંબલી રોડ ઉપર હિટ એન્ડ રનની ઘટનામાં ચાર થી પાંચ રાહદારીઓને કાર ચાલકે અડફેટે લીધા હતા. અમદાવાદ શહેરમાં નબીરાઓનો આતંક વધ્યો. આંબલી બોપલ રોડ નબીરાએ સર્જ્યો અકસ્માત. ઓડી કાર ચાલકે ૪થી ૫ વાહનોને લીધા અડફેટે.

## ઉત્તર ગુજરાતની સૌથી મોટી બનાસ બેંકની ચૂંટણી યોજાશે

। બનાસકાંઠા, તા.૭ ।

બનાસકાંઠા જિલ્લાની સૌથી મોટી સહકારી બનાસ બેંકની આવતીકાલે ૭ ડિસેમ્બરના રોજ ચેરમેન અને વાઈસ ચેરમેનના પદ માટે ચૂંટણી યોજાશે. ચાર મહિના પહેલાં જ ટર્મ પુરી થઈ ગઈ છે પરંતુ વિવાદોના કારણે ચૂંટણી યોજાઇ શકી ન હતી. પછાત વિસ્તાર તરીકે જાણિતા બનાસકાંઠા જિલ્લામાં બનાસડેરી જો સૌથી મોટી સંસ્થા ગણવામાં આવતી હોય તો બનાસ બેંક છે.

# અમદાવાદ ખાતે કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે.ની ઉપસ્થિતિમાં સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી

## દેશ માટે બલિદાન આપનાર શૂરવીર સૈનિકો માટે ઉદાર હાથે ફાળો આપવા નિવૃત્ત કર્નલશ્રી એ. કે. સિંઘની નાગરિકોને અપીલ





। અમદાવાદ, તા.૭ ।

આપણા દેશની સુરક્ષા અને અખંડીતતા માટે બલિદાન આપનારા અને પોતાનું સર્વસ્વ સમર્પિત કરનારા આપણા શૂરવીર સૈનિકો અને તેઓના પરિવારજનો પ્રત્યે નાગરિકો દ્વારા આત્મીયતા અને સન્માનની લાગણી પ્રદર્શિત કરવા સમગ્ર દેશમાં દર વર્ષે તારીખ ૭ મી ડિસેમ્બરના રોજ સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી કરવામાં આવે છે. આજે અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર સુશ્રી પ્રવીણા ડી. કે. ની ઉપસ્થિતિમાં સશસ્ત્ર સેના ધ્વજદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે કલેક્ટરશ્રીએ સૈનિક કલ્યાણ ફંડમાં ફાળો આપી નાગરિકોને ઉદાર હાથે ફાળો આપવા અપીલ કરી હતી.

આ પ્રસંગે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના અધિકારી અને નિવૃત્ત કર્નલશ્રી એ. કે. સિંઘે નાગરિકોને અપીલ કરતા જણાવ્યું કે, યુધ્ધ અને આતંકવાદીઓ સાથેની લડાઈમાં પોતાના પ્રાણ ન્યોછાવર કરી દેશ માટે મહાન કુરબાની આપનાર આપણા શહીદોના કુટુંબીજનો, સૈનિકો અને માજી સૈનિકોના કલ્યાણ માટે, માંદગી અને સંકટના સમયે તેમજ તેમના બાળકોને શિષ્યવૃતિ જેવી નાણાંકીય સહાય આપવા જેવા ઉમદા આશયથી ધ્વજદિનની ઉજવણી પ્રસંગે જાહેર જનતા પાસેથી યથાશક્તિ પ્રમાણે ફાળો એકત્રિત કરવામાં આવે છે.

તેમણે કહ્યું કે, સશસ્ત્ર સેના ધ્વજદિન વર્ષ-૨૦૨૪ની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આપણી સશસ્ત્ર સેનાઓ પ્રતિ આપણે આદર રાખી, માન- સન્માન અને ગૌરવની લાગણી પ્રગટ કરી શક્ય એટલી મદદ કરીએ. તેમણે દેશહિતના આ ઉમદા કાર્યમાં વધુને વધુ ફાળો આપવા સૌને અપીલ કરતા કહ્યું કે, આપના દ્વારા એકત્રીત કરવામાં આવેલ ફાળાની રકમ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીશ્રીની કચેરી, ગૌરવ સેનાની કુમાર ભવન, સ્કુમ સ્કૂલની સામે, બોડકદેવ, અમદાવાદ ખાતે રોકડ, ચેક કે ડ્રાફ્ટ દ્વારા જમા કરાવી શકાશે.

આ પ્રસંગે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીની કચેરીના આસિસ્ટન્ટ વેલ્ફેર ઓફિસરશ્રી ભરતસિંઘ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા.

## સુરતમાં ઝડપાયું બોગસ ડોક્ટર સર્ટી કૌભાંડ

। (એજન્સી) સુરત, તા.૭ ।

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં તો અસલી ડોક્ટર્સે દર્દીઓના જીવ લીધા પણ સુરતમાં હવે નકલી ડોક્ટર્સ જથ્થાબંધ ભાવે મળી આવ્યા છે. જથ્થાબંધ એટલા માટે કેમકે અહીં એક બે નહી એકસાથે ૧૪ બોગસ ડોક્ટર્સ ઝડપાયા છે. આ લોકો માત્ર ૭૦ થી ૮૦ હજારમાં બોર્ડ ઓફ ઈલેક્ટ્રો હોમિયોપથીનું સર્ટિફિકેટ મેળવતા અને તેના આધારે પ્રેક્ટિસ ચાલુ કરી દેતા હતા. આ કૌભાંડ સુરતના પાંડેસરાથી શરૂ થયુ અને રેલો અમદાવાદ સુધી પહોંચ્યો છે. પોલીસના જાપ્તામાં ઉભેલા આ લોકોને ડોક્ટર બનવાનો શોખ છે. પણ ખરેખર ડોક્ટર નથી. હકીકતમાં સુરત પોલીસે પાંડેસરામાં ચાલતા ત્રણ ક્લિનિક પર દરોડો પાડી બોગસ તબીબોને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી BEMSના સર્ટિફિકેટ મળી આવ્યા હતા. જે સુરતના જ બે તબીબોએ આપ્યા હોવાનું ખૂલ્યું છે. પોલીસે આ મામલે અત્યાર સુધીમાં કુલ ૧૩ને ઝડપી પાડ્યા છે. આ કેસની પોલીસ તપાસમાં સામે આવ્યું કે, રાવત અને રસેશ નામના બે જણા સાથે મળીને ધો. ૧૦-૧૨ પાસ બેકારોને ૭૦ હજારમાં બોગસ મેડિકલ ડિગ્રી આપવાનું રેકેટ ચલાવતા હતા. માત્ર એટલું જ નહીં, રજિસ્ટ્રેશન પેટે મહિને ૫૦૦૦ રૂપિયા વસૂલતા હતા. ૧૯૯૨થી ચાલતા આ રેકેટમાં ૧૨૦૦ લોકોને બોગસ ડિગ્રી આપવામાં આવી છે. પાંડેસરા પોલીસે બોર્ડ ઓફ ઈલેક્ટ્રો હોમિયોપેથીના બોગસ સર્ટિફિકેટ આપનાર સુરતમાંથી રસેશ ગુજરાતી અને અમદાવાદમાંથી બીકે રાવતની ધરપકડ કરી છે. આ લોકો સર્ટીફિકેટ ૧ વર્ષ માટે આપતા હતા. અને તેને દર વર્ષે રિન્યું કરાવા ૫ હજાર ભરવા પડતા.

## અપરિણીતને આરોગ્ય કર્મીએ ત્રણ સંતાનોનો પિતા દર્શાવ્યો

। (એજન્સી) મહેસાણા, તા.૭ ।

મહેસાણા જિલ્લાના અપરિણીત યુવકની જાણ બહાર અડાલજ ખાતે તેની નસબંધી કરી દેવાની ખળભળાટ મચાવી દેનારી ઘટનાની તપાસમાં વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. અપરિણીત યુવકને નસબંધી કરવા માટે લઈ જનાર આરોગ્ય કર્મચારીએ કાગળો પર તેને પરિણીત અને ત્રણ સંતાનોનો પિતા દર્શાવ્યો હોવાનું ખુલ્યું છે. આરોગ્ય વિભાગે નસબંધીના અન્ય કેસોની તપાસ પણ હાથ ધરી છે.મહેસાણા જિલ્લાના જોટાણા તાલુકાના સુરજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની હદમાં આવતા ધનાલી ગામના મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર દ્વારા નવી સેઢાવી ગામે રહેતા અપરિણીત યુવકનું તા.૨૯-૧૧-૨૦૨૪ના રોજ અડાલજ સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જઈ નસબંધીનું ઓપરેશન કરાવી દેવાયું હતું.વકને જામફળની વાડીમાં મજૂરી કરવા જવાનું કહીંને સરકારી ગાડીમાં લઈ જઈ દારૂ પીવડાવ્યા બાદ તેનું ઓપરેશન કરી દેવાયું હોવાના આક્ષેપ યુવક અને તેના પરિવારજનોએ કર્યા છે. આ સમગ્ર ઘટના બહાર આવતાં ખળભળાટ મચી જવાની સાથે આરોગ્ય તંત્ર દોડતું થઈ ગયું છે.મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મહેશ કાપડિયાએ જણાવ્યું હતું કે, જોટાણા તાલુકા આરોગ્ય અધિકારી સહિતની આરોગ્યની ટીમે કરેલી તપાસમાં યુવકને ભોળવીને નસબંધી કરવા લઈ જનાર મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરે કાગળ પર યુવકને પરિણીત તેમજ બે પુત્ર અને પુત્રી મળીને ત્રણ સંતાનોના પિતા તરીકે દર્શાવ્યો હોવાની ચોંકાવનારી વિગતો ખુલી છે. આ પ્રકરણની ઊંડાણપૂર્વકની તપાસની સાથે સાથે આરોગ્ય તંત્ર દ્વારા નસબંધીના અન્ય કેસોની તપાસ પણ હાથ ધરાઈ છે.

